Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

REGISTERED No. B. 156.

श्री

# જૈનધર્મ પ્રકાશ.

ये जीवेषु दयालवः स्पृशति यान् स्वल्पोपि न श्रीमदः
श्रांता ये न परोपकारकरणे हृष्यंति ये याचिताः ।
स्वस्थाः सत्स्वपि यौवनोदयमहाव्याधिप्रकोपेषु ये
ते लोकोत्तरचारुचित्रचरिताः श्रेष्ठाः कति स्युर्नराः ॥

"જે જીવોને વિષે દયાળુ છે, જેને લક્ષ્મીનો મદ સ્વલ્પ પણ સ્પર્શ કરતો નથી, જે પરોપકાર કરવામાં થાકતા નથી, જે યાચના કર્યા સતા ખુશી થાય છે, યૌવનના ઉદયરૂપ મહાવ્યાધિનો પ્રકોપ થયે સતે પણ જે સ્વસ્થ રહે છે; એવા લોકોત્તર આશ્ચર્યકારી મનોહર ચરિત્રવાળા શ્રેષ્ઠ કેટલાક જ મનુષ્યો હોય છે અર્થાત્ બહુ અલ્પ હોય છે."

સુક્તમુક્તાવલિ.

પુસ્તક ૨૮ મું. માઘ. સંવત્ ૧૯૬૯. શાકે ૧૮૩૪. અંક ૧૧ મો.

પ્રગટ કર્ત્તા.

શ્રી જૈનધર્મ પ્રસારક સભા. ભાવનગર.

अनुक्रमणिका.


१ વૈરાગ્યશતક (સમશ્લોકી) ... ... ... ... ... ૩૩૫
૨ ઇંગ્રેજી ચૌદ મહા મુદ્રાલેખોનું વિવેચન. ... ... ... ... ૩૩૮
૩ ભાવપૂજામાં સ્તવન કેવાં બોલવાં? ... ... ... ... ૩૪૩
૪ જૈન વર્ગમાં ભણેલાની સંખ્યા કેટલી છે? .. ... ... ... ૩૪૯
૫ શેઠ મનસુખભાઈ ભગુભાઈ. ... ... ... ... ... ૩૫૩
૬ પં. શ્રી ગંભીરવિજયજીનો સ્વર્ગવાસ. ... ... ... ... ૩૬૦
૭ કેટલીક આશ્ચર્યકારક ટેવો. ... ... ... ... ... ૩૬૪


શ્રી "સરસ્વતી" છાપખાનું—ભાવનગર.

મૂલ્ય રૂા. ૧) પોસ્ટેજ રૂા. ૦-૪-૦ ભેટ સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સભા તરફથી હાલમાં તૈયાર થયેલા ગ્રંથો.

૧ શ્રી કર્મગ્રંથ ટીકા વિભાગ ૨ જો. (૫ મો-૬ ઠ્ઠો કર્મગ્રંથ તથા સંસ્કૃત ૪ કર્મ ગ્રંથ)
૨ શ્રી પંચાશક. ટીકા સહીત.
૩ શ્રી પરિશિષ્ટ પર્વ. સવિસ્તર પ્રસ્તાવના સાથે.
૪ શ્રી પ્રમેયરત્નકોષ ન્યાયનો લઘુ પણ ઉપયોગી ગ્રંથ
૫ શ્રી જ્ઞાનસાર સટીક ( શ્રી યશોવિજયજી ઉપાધ્યાય કૃત ૩૨ અષ્ટક )
૬ શ્રી ધનપાળ પંચાશિકા સટીક. અર્થ યુક્ત. તથા તીર્થોના કલ્પો અર્થ યુક્ત.

## હાલમાં છપાતા ગ્રંથો.

૭ શ્રી પઉમ ચરિયમ્ ( માગધી-અપૂર્વ ગ્રંથ )
૮ શ્રી કમ્મપયડી. શ્રી મલયગિરિજી કૃત ટીકાયુક્ત.
૯ શ્રી શાંતસુધારસ. પં. ગંભીરવિજયજીગણિ કૃત ટીકાયુક્ત.
૧૦ શ્રી પાર્શ્વનાથ ચરિત્ર. સંસ્કૃત ગદ્યબંધ.
૧૧ શ્રી આનંદઘનજીના ૫૦ પદો. વિવેચન યુક્ત.
૧૨ શ્રી કુવલયમાળા ભાષાંતર. ( અત્યંત રસીક કથા )
૧૩ શ્રી પ્રકરણો વિગેરેના સ્તવનાદિકનો સંગ્રહ. ( બીજી આવૃત્તિ )
૧૪ શ્રી તરંગ વાર્ત્તા અને લક્ષ્મી સરસ્વતીનો સંવાદ ( ગ્રાહકોને ભેટ આપવા માટે )

## ( તૈયાર થયેલા ગ્રંથો. )

૧૫ શ્રી અધ્યાત્મસાર ટીકા. પં. ગંભીરવિજયજી કૃત.
૧૬ શ્રી અધ્યાત્મસાર સટીકનું ભાષાંતર.
૧૭ શ્રી ઉપદેશ પ્રાસાદના ૬ સ્થંભ મૂળ.

## ( તૈયાર થતા ગ્રંથો. )

૧૮ શ્રી ઉપમિતિભવપ્રપંચા કથાનું ભાષાંતર.
૧૯ શ્રી હેમચંદ્રાચાર્ય ચરિત્ર.
૨૦ શ્રી પરિશિષ્ટ પર્વનું ભાષાંતર.

ઉપર જણાવેલા પ્રથમના છ ગ્રંથો પૈકી કર્મગ્રંથ વિભાગ ૨ જો અને પ્રમેયરત્નકોષ તથા ધનપાળ પંચાશિકા બહાર પડેલ છે. બાકીના ત્રણ ગ્રંથો પણ તૈયાર થઈ ગયા છે. ફક્ત પાટલીઓ થવા માટે અને બંધાવવા માટે બાકી છે. ૭-૮-૧૧ નંબરવાળા ગ્રંથો કોઈપણ ગૃહસ્થની સહાય શિવાય છપાવવા માંડેલ છે. જ્ઞાનદાન દેવાના ઈચ્છક ઉદાર દિલવાળા ગૃહસ્થોએ ઇચ્છા જણાવવી. આવા તૈયાર ગ્રંથો મળવા મુશ્કેલ છે, અને શુદ્ધ કરીને છપાવી આપવાનું પણ તેટલુંજ મુશ્કેલ છે.

---

## ગ્રાહકોને સૂચના.

શેઠ મનસુખભાઈનો ફોટો મોડો તૈયાર થઈને આવવાથી, તથા તંત્રીનું કારણવાર બહાર ગામ રહેવાનું થવાથી આ અંક બહાર પાડવામાં ઢીલ થઈ છે. હવેના અંકો નિયમીત બહાર પાડવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મરહુમ શેઠ મનસુખભાઈ ભગુભાઈ

જૈન શ્વેતાંબર કોન્ફરન્સના

છઠ્ઠા અધિવેશનના પ્રમુખ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

तत्र च गृहस्थैः सद्भिः परिहर्तव्योऽकल्याणमित्रयोगः, सेवितव्यानि कल्याणमित्राणि, न लङ्घनीयोचितस्थितिः, अपेक्षितव्यो लोकमार्गः, माननीया गुरुसंहतिः, भवितव्यमेतत्तन्त्रैः, प्रवर्तितव्यं दानादौ, कर्तव्योदारपूजा भगवतां, निरूपणीयः साधुविशेषः, श्रोतव्यं विधिना धर्मशास्त्रं, भावनीयं महायत्नेन, अनुष्ठेयस्तदर्थो विधानेन, अवलम्बनीयं धैर्यं, पर्यालोचनयायतिः, अवलोकनीयो मृत्युः, भवितव्यं परलोकप्रधानैः, सेवितव्यो गुरुजनः, कर्तव्यं योगपट्टदर्शनं, स्थापनीयं तद्रूपादि मानसे, निरूपयितव्या धारणा, परिहर्तव्यो विक्षेपमार्गः, प्रयतितव्यं योगशुद्धौ, कारयितव्यं भगवद्भुवनबिम्बादिकं, लेखनीयं भुवनेशवचनं, कर्तव्यो मङ्गलजपः, प्रतिपत्तव्यं चतुःशरणं, गर्हितव्यानि दुष्कृतानि, अनुमोदयितव्यं कुशलं, पूजनीया मंत्रदेवताः, श्रोतव्यानि सच्चेष्टितानि, भावनीयमौदार्यं, वर्तितव्यमुत्तमज्ञातेन, ततो भविष्यति भवतां साधुधर्मानुष्ठानभाजनता ॥ उपमितिभवप्रपञ्चा कथा.

પુસ્તક ૨૯ મું. માઘ. સં. ૧૯૬૯. શાકે ૧૮૩૪. અંક ૧૧ મો.

ॐ अर्हं नमस्तत्त्वज्ञाय.

## वैराग्य शतक.

### समश्लोकी.

( લેખક–માવજી દામજી શાહ. )

( અનુસંધાન પૃષ્ટ ૨૯૭ થી. )

રે ! રે ! તામ્રસમાન લાલનયનો ! ધિક્કાર વાણી પણ,
બાંધી ભ્રકુટી–ભાલ–ભીમ–અધર પ્રસ્પંદનું દર્શન;
એવું ચંચલ–રમ્ય મ્હોડું પણ એ કોપ્યે છતે કામિની !
જુએ કામથી વિહ્વલીભૂત જનો ! હા મૂઢતા કામી,ની. ૭૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલાકી ! સઘળી જતી ! શિથીલતા આવે અરે ! અંગમાં,
જ્ઞાનશ્રી ! પણ નાશી જાય કુમતિ ને ધૃષ્ટતા, સ્વલ્પમાં;
રે ! એ ધર્મ પલાયમાનજ થતો, ને પાપનું આવવું,
રે ! રે ! શોકથી ! કેમ, સુજ્ઞ જનને ! એ યોગ્ય છે સેવવું ? ૭૬

---

**અનુષ્ટુપ્**—ક્યાં કફાર્ત ! મુખ સ્ત્રીનું ?–સુધાનો નિધિ ! ચંદ્ર ક્યાં?
માનતા ઐક્ય ! બંનેનું, કામાતુર જનો જ ત્યાં. ૭૭

---

**વસંતતિલકા**–અજ્ઞાનથી હરિણયૂથ પડે જ પાશે,
દાહાત્મ શક્તિ નવ જાણી પતંગ દીપે;
હું જાણતાં પણ અરે ! કરિકર્ણ લોલ,
ભોગો તજું નહિ તથાપિ કયોજ મોહ ? ૭૮

---

**અનુષ્ટુપ્**—જ્ઞાન એજ ખરો મિત્ર ! કામ એજ રિપુ ખરે !
અહિંસાજ ખરો ધર્મ ! સ્ત્રીજ વૃદ્ધપણું અરે ! ૭૯

---

ધિક્! કંદર્પ ! જગત્રય વિજયી એ ! બાહુબળ આવ્યું રે !
ત્હારૂં મ્હોટું અરે ! હવેથી જગમાં જોનાર છે કોણ રે ?
દેખી યૌવનરૂપ મિત્ર બળને આવી જરા રાક્ષસી,
મોઢામાંજ પડેલ બાણકુમને જે છોડતો નહિ ધસી. ૮૦

---

તૃષ્ણા વારિ તરંગ ભંગથકી જે વાંકા તરૂઓ નવો,
વાંકું જેવું જ વાક્ પ્રપંચ કળરી પાશ ભ્રુથી પલ્લવો;
સ્ત્રીઓનાં મનમાં સમાય નહિ તો તે બ્હાર આવી વસે !
રે! રે! કોણ વિચારશીલ ! એહવી સ્ત્રી સેવવા ઇચ્છશે ? ૮૧

---

રે ! રે ! મોહ હતાશ ! ત્હારૂં સઘળું ધિક્કાર એ વીર્યને !
બાંધીને ભવસાગર મહિં મને ફેંકયો અરે ! નિશ્ચયે !
પામ્યો હું ગુરૂવાણીરૂપ ફલક તે પાર પામ્યો ધરી,
તારૂં શૌર્ય કદાપિ હોય કરનું દેખાવ સામે ચડી. ૮૨

---

રે કંદર્પ ! તું વ્યર્થ ધારણ કરે શા કારણે બાણને ?
ભ્રૂકુટીની કળામહિ પણ સ્ત્રીઓ શું દાખવો ? દાક્ષ્યને !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૈરાગ્યાંબુજિની! વિકસ્વર કરે ને ચંદ્રને ઢાંકતો,
દીપે! એક વિવેકસૂર્ય હૃદયે ચાલે તમારૂં શું તો? ૮૩

ઉપજાતિ—વેણો મીઠાં અન્યની સાથ બોલે, ને અન્યને સ્પર્શ કરે કટાક્ષે;
એ અન્યને ચિત્તથકી રમાડે, ધિક્કાર સ્ત્રીનાં ચલ ચિત્તમાટે. ૮૪

યાંચા ને વચનક્રમો જ રચતાં પાદો અરે ચાલવાં!
નેત્રો કોપથી લાલચોળ મુખને જોવા અરે સ્વામિનાં!
હે ધાતા! ક્ષણવાર એ હૃદયમાં કૃપા નહિ બાંધી તેં!
તો શું આ! શ્રમ એ સમીપ પણ તું પામ્યો નહિ રે હવે! ૮૫

વસંતતિલકા–રક્ષા કરે ધનતણી જ વિમૂઢ ચિત્ત!
રે! લોભથી જન! કરે કંઇએ પ્રયત્ન!
તે લાખ ક્રોડથી નહિ કદિ પ્રાપ્ય આયુ!
રે કાળ! નાશ કરી દે નહિ શંકતો તું. ૮૬

બંધો! ક્રોધ તું અન્ય સ્થાન કરને! તારા નિવાસાર્થ રે!
ભાઈ! માન! અરે! તમે પણ ખસો માયા તમે જાવ રે!
રે! રે! લોભજ મિત્ર તું ઝટ ખસ ઇચ્છા પ્રમાણે કહિં,
પામ્યો શાંત રસો હવે ગુરૂતણી વાણીવડે રે! અહિં. ૮૭

ઉપજાતિ–વૈરાગ્ય રંગિત ન ચિત્ત હોય, ત્યારે વૃથા દાન તપોજ થાય;
લાવણ્ય અંગે નવ અંગનાનાં, ત્યારે ભ્રમો કામતણાં નકામાં. ૮૮

વસંતતિલકા-સર્વે કળા ભણી ગયા કદિ તો થયું શું?
તપ્યાં અરે બહુ તપો કદિ તો થયું શું?
કીર્ત્તિ કલંક વિણ જો કદિ તો થયું શું?
અંતર વિવેકકળિ જો ન ખીલી રહી (શું)? ૮૯

જ્યારે લોભ કરાળ મોહું કરતો હુંકાર ગુંજારવો,
કામ ક્રોધજ લાલ નેત્ર ધરતો માયા નખો એહવો;
જ્યાં એ મોહજ કેસરી વિચરતો સ્વેચ્છા પ્રમાણે અરે!
તે સંસાર મહાટવીમહિં રહી થાયે સુખી કોણ રે? ૯૦

અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# इंग्रेजी चौद महा मुद्रालेखोनुं विवेचन.

( અનુસંધાન પૃષ્ટ ૩૦૬ થી )

( લેખક-સન્મિત્ર કર્પૂરવિજયજી. )

## વિચારીને વદો વીર ! વાણી

' એવું અવિચારી વચન તમે કદાપિ ઉચરશો નહિં કે જે તમે પાછું ગળી શકો નહિ-વિચારીને એવુંજ વચન વદો કે જે તમારે પાછું ખેંચી લેવાની જરૂર પડેજ નહિ. '

અવિચારી વચન પ્રાણીઓને કેટલું અહિત-નુકશાન કરે છે તેનું ભાન ભાગ્યેજ બોલનારને તે વખતે હોઈ શકે છે. એ તો જ્યારે તેનું કડું પરિણામ પોતાને તેમજ પરને થયેલું જોવામાં આવે છે ત્યારેજ તેનો કંઈક ખ્યાલ કદાચ આવી શકે છે. **ઉપદેશમાળામાં** કહેલું છે કે ' દુર્જનોના મુખરૂપી ધનુષ્યમાંથી એવાં વિષમ વચનરૂપી બાણ છૂટે છે કે તે વાગતાંજ સામાનાં મર્મસ્થળને વીંધી નાંખે છે. ' એવાં અવિચારી-વિષમ વચનોનો પ્રહાર કદાપિ કોઈ પણ શાણા માણસે કોઈના ઉપર કરવો જોઇએ નહિં. તેથી બહુજ ખરાબ પરિણામ આવે છે. કહ્યું છે કે ' બીજા બધા ઘા રૂઝાઇ શકે પરંતુ વચનનો ઘા (માર) રૂઝાઇ શકે નહિં. ' બીજાં બધાં શલ્ય કરતાં વચનનું શલ્ય વધારે વ્યથા કરે છે. બીજાં શલ્યો કાઢી શકાય છે ત્યારે વચનનું શલ્ય કોઈ રીતે કાઢી શકાતું નથી. માટેજ શાસ્ત્રકારો ' વિચારીનેજ બીજાને પથ્ય અને પ્રિય એવુંજ સત્ય વચન બોલવા ' વારંવાર ઉપદેશ કરે છે. તે વાતને લક્ષમાં રાખી વિવેકસહિત તાળીને સામાને હિતકર અને પ્રિય એવું સત્ય વચન જે શાણા માણસો બોલે છે તેમને બધી રીતે શાન્તિ મળે છે. પરંતુ એ ઉપયોગી વાત તરફ દુર્લક્ષ કરી જે સ્વેચ્છા મુજબ સામાને અપ્રિય લાગે અને અહિત કરે એવું અવિચારી વચન વદે છે તેમને પાછળથી તેનું અનિષ્ટ પરિણામ જોતાં પશ્ચાત્તાપ કરવાનો વખત આવે છે. માટેજ ' પાણી પહેલાં પાળ બાંધવાની પેરે ' દીર્ઘદર્શીપણું દાખવીને સ્વપરને અશાન્તિ-ઉદ્વેગ ન ઉપજે, પરંતુ સુખ શાન્તિ પ્રસરે એવુંજ હિત, મિત, મધુર અને વિચારીને ડહાપણભરેલું સત્યજ વચન શાંતિથી બોલવાની ટેવ પાડવી એ યુક્ત છે. તેમ કરવામાં અનેક લાભો સમાયેલા છે.

## ' સદ્વર્તન '

૯ તમારી સ્વાભાવિક શક્તિઓને નકામી ખર્ચી નહિ નાંખતાં જેમ તે શક્તિઓની સારી રીતે ખીલવણી થાય તેમ કરવા ખ્યાલ રાખો. જોકે જ્ઞાની મહાત્મા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુરૂષોના સ્વાનુભવપ્રમાણે દરેક આત્મામાં અનંત શક્તિઓનો ગુપ્ત સંગ્રહ રહેલો છેજ અને તેના ઉપર જ્યાંસુધી ગાઢાં આવરણ આવી રહેલાં હોય છે ત્યાંસુધી તે અદ્રશ્યજ રહે છે–પ્રગટ થતા નથી. પરંતુ જેમ જેમ ઉપર વળેલાં આવરણ ઓછાં થતાં જાય છે તેમ તેમ અંદર ગુપ્ત રહેલી આત્માની સ્વાભાવિક શક્તિઓ પ્રગટ થતી જાય છે. એટલુંજ નહિ પણ જો જ્ઞાની–મહાત્માઓના હિતકારી વચનાનુસારે તે પ્રગટ થયેલી શક્તિઓનો ગેરઉપયોગ નહિ કરતાં તેનો સદુપયોગ કરવામાં આવે છે તો હજુ ગુપ્ત રહેલી શક્તિઓ વધારે ને વધારે પ્રમાણમાં પ્રગટ થતી જાય છે એ નિર્વિવાદ વાત છે. એજ હેતુથી આપણે આપણને પ્રાપ્ત થયેલી શુભ શક્તિઓનો કોઇપણ ખોટે રસ્તે ગેરઉપયોગ નહિ કરતાં તે શક્તિઓ બહુ સારી રીતે ખીલી નીકળે તેવી રીતે સાવધાનપણે તેનો સદુપયોગજ કરવો જોઇએ–એ ભૂલવું જોઇએ નહિ. પૂર્વે પણ અનેક મહાત્માઓ એજ રીતે વર્તીને આત્માની અનંતી શક્તિઓ (અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય પ્રમુખ) પ્રગટ કરી શક્યા છે. વર્તમાન કાળે એવુંજ સદ્વર્તન સેવનારા સત્પુરૂષો આત્માની અનંત શક્તિઓને પ્રગટ કરી શકે છે, અને ભવિષ્યમાં થનારા ભવ્યજનો પણ તેવાજ ઉત્કૃષ્ટ ચારિત્રબળથી આત્મશક્તિઓને પ્રગટ કરી શકશે. એ સદાય સ્મરણમાં રાખી આપણે પણ ઉત્તમ દિશામાં પ્રાપ્ત શક્તિનો પ્રવાહ વાળીને એટલે આપણું ઉત્તમ પ્રકારનું ચારિત્ર ઘડીને આપણામાં હજુ ગુપ્ત રહેલી અનંત શક્તિઓને પ્રગટ કરવા પૂર્ણ પ્રયત્ન કરવો જોઇએ. આનું ખરૂં રહસ્ય **સદ્વર્તનજ** છે. અને એજ જ્ઞાનપ્રાપ્તિનું ઉત્તમ ફળ છે.

## ‘આજ્ઞાધીનતા અથવા આત્માર્પણ’

૧૦ **તમારી જીંદગીનાં બધાં કામ સર્વોત્કૃષ્ટ સત્તાને આધીન રહી કરો.** મતલબ કે જે કંઇ મનથી, વચનથી કે કાયાથી કરો, કરાવો કે અનુમોદો તે બધું પરમ કૃપાળુ પરમાત્માના પરમ હિતકારી ફરમાનને લક્ષમાં રાખીને વિવેકથી કરો, પણ સ્વેચ્છાચારીપણેજ કેવળ ન કરો. કોઇપણ કાર્ય કરતાં કારવતાં વીતરાગ પરમાત્માના પરમ વચનાનુસારે કૃત્યાકૃત્ય, હિતાહિત, લાભાલાભ અથવા ગુણ દોષનો પૂરતો વિચાર કરતા રહો. **પરને પીડાકારી પાપ કાર્યથી પૂર્ણપણે ડરતા રહો** અને **પરોપકારવાળાં પુન્ય કાર્યોમાં પૂર્ણપ્રેમથી પ્રવૃત્ત** થતા રહો. કહ્યું છે કે––

“ પરોપકારઃ પુણ્યાય પાપાય પરપીડનં ” એટલે પરોપકારનાં કાર્ય કરવાથી તમને પુન્ય હાંસલ થશે. ત્યારે પરને પીડા ઉપજાવવાથી–પરિતાપ કરવાથી તમને પાપબંધ થશે. વળી કહ્યું છે કે––

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" आपदां कथितः पंथाः इद्रियाणामसंयमः ।
तज्जयः संपदां मार्गे, येनेष्टं तेन गम्यताम् " ।

ઇંદ્રિયોને વશ થઈ રહેવું, વિવિધ વિષયોમાં આસક્તિ કરવી, યાવત્ રાગ દ્વેષાદિક વિકારને તાબે થઇ જાવું, એ આપદા પામવાનો ધોરી માર્ગ છે; ત્યારે તેજ ઇંદ્રિયોને વશ કરી રાગદ્વેષાદિક વિકારોને જીતી લેવા એ સુખ સંપદા પામવાનો શ્રેષ્ઠ માર્ગ છે, એમાંથી તમને પસંદ પડે તે માર્ગ પકડો. તમને સુખ વ્હાલું હોય તો સન્માર્ગે સંચરો, અને દુઃખજ વ્હોરી લેવું હોય તો અવળો માર્ગ આદરો. તમારૂં પોતાનું ભવિષ્ય સુધારવું કે બગાડવું એ બહુધા તમારા પોતાનાજ હાથમાં રહેલું છે. જો તમારૂં ભવિષ્ય કાયમને માટે સુધારીજ લેવું હોય તો ખોટી લાલચ તજીને તમારા ખરા હિતની ખાતર સવળે માર્ગેજ પ્રયાણ કરવા નિશ્ચય કરો, અને જે જે શુભ કાર્યો સમાચરો તે બધાં અભિમાનરહિત સ્વકર્તવ્ય સમજીનેજ કરો. તેના ફળ માટે અધીરા થશો નહિં. ધીરજ ધારી તમારાં કર્તવ્યકર્મમાંજ મચ્યા રહેશો તો તમારો શુભ પ્રયાસ સફળ થયા વગર રહેશેજ નહિં. રહસ્યાર્થ એ છે કે તમારૂં વર્તન સુધારવા અને તેને ઉંચા પ્રકારનું બનાવવા પરમશિષ્ટ પુરૂષોને અનુસરજો અથવા તેમનાં પવિત્ર વચનોને પૂરતું માન આપજો, અને પોતાના હૃદયમાં ઉચ્ચ ભાવના ( Ideal ) સ્થાપીને તેવા થવા માટે પ્રાપ્ત થયેલી સકળ શુભ સામગ્રીનો જરૂર સદુપયોગ કર્યા કરજો.

## ' શ્રેયઃ સાધન. '

૧૧. ' તમારી ચાલુ જીંદગીમાં તમારૂં પોતાનું અને પરનું જેટલું શ્રેય થઇ શકે તેટલું કરવા ખાસ લક્ષ રાખો. તેમ કરવામાં લગારે સંકોચ રાખતા નહિં. ' આ ક્ષણિક–અલ્પકાળ ટકવાવાળી જીંદગીમાં જે કંઇ શ્રેયઃ–સુકૃત કરી લીધું તેજ સાર છે, તેજ પોતાનું ભવિષ્યનું ભાતું છે, બાકીની તો બધી વેઠજ છે, એમ સચોટ સમજનારા શાણા જનો સ્વપર શ્રેય સાધી લેવામાં વિલંબ કરતાજ નથી. જે કાલે કરવાનું હોય તે આજેજ કરી લેવું અને આજે કરવા ધાર્યું હોય તે અબઘડી કરી લેવું ઉચિત છે. કેમકે આ ક્ષણિક જીંદગીને માટે કાલનો તો શું પણ એક ઘડીભરનો પણ વિશ્વાસ રાખી શકાતો નથી. તેથીજ જેમ વેળાસર ચેતી લેવાય તેમ સારૂં છે. જાણે મને કાળે ચોટલી ઝાલીને પકડી લીધો છે એમ ધારી ચીવટથી સુકૃત કરી લેવાય તો આખી જીંદગીમાં કંઇક સુકૃત–શ્રેષ્ઠ સુકૃત કરી શકાય છે, અને જો વાયદામાંજ બધો વખત વીતાવવામાં આવે તો આખી જીંદગી રદ થઇ જાય છે. એવા દીર્ઘસૂત્રી કે એદી–આળસુ લોકોને પાછળથી બહુ બળાપો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવો પડે છે, અને તેમ કરતાં છતાંપણ પછી કાંઇ વળતું નથી. ' દવ બળે ત્યારે કુવો ખોદવો શા કામનો ' માટેજ શાસ્ત્રકારો ચેતાવે છે કે—

" જરા જાવ ન પીડેઈ, વાહી જાવ ન વઢ્ઢઈ ।
જાવ ઇંદિયાઇં ન હાયંતિ, તાવ ધમ્મં સમાયરે ॥ "

મતલબ કે " જ્યાં સુધી જરા અવસ્થાથી તમારૂં શરીર જર્જરિત થઇ ન જાય, જ્યાં સુધી વ્યાધિ વધી ન જાય અને જ્યાં સુધી ઇંદ્રિયો ક્ષીણ પડી ન જાય ત્યાં સુધીમાં બની શકે તેટલું સુકૃત કરી લેવું ઉચિત છે. જો તમે મળેલી અમૂલ્ય તક ચુકી જાશો તો પાછળથી તેવી અમૂલ્ય તક તમને ફરી મળવી મુશ્કેલ છે. તેથી એક ક્ષણ પણ પ્રમાદ કર્યાવગર સ્વશ્રેય સાધી લેવું ઘટે છે. જે સ્વશ્રેય સારી રીતે સમજી સમાચરે છે તેજ પરમાર્થથી પરનું પણ શ્રેય કરી શકે છે. જે પોતાનું શ્રેય કરતો નથી તે પરનું શ્રેય શું કરશે ? પોતેજ ડૂબતો સતો બીજાને કેમ તારી શકશે ? એમ સમજી સદ્‌ગુરૂ સમીપે વિનય-બહુમાનપૂર્વક શ્રેય સાધી લેવાનો સમ્યગ્ માર્ગ જાણી પ્રમાદરહિત તે પ્રમાણે વર્તવા સદાય ખપ કરવો ઉચિત છે.

## ' ચાંચલ્ય, સાદાઇ અને કરકસર '

૧૨. જે જે વસ્તુ તમારી જીંદગીમાં તમને સુખ શાંતિ આપવાવાળી હોય તે તે વસ્તુથી તમે વિયુક્ત થઇ ન જાઓ તેવી સંભાળ રાખો; એટલે તમને ખાસ જરૂરની વસ્તુઓ તમારી પાસે કાયમ બની રહે એવી કાળજી રાખો; અને તેટલા માટે પ્રશંસવા યોગ્ય **સાદાઇ** અને **કરકસર**ના નિયમોનું પાલન કરતા રહો. આ ડહાપણભરેલાં વચન વ્યવહારતંત્ર ચલાવનારને ઘણાં ઉપયોગી છે. દીર્ઘદર્શીપણે ગમે તે પ્રકારનો વ્યવહાર સેવતાં એ બધા અક્ષરો અમૂલ્ય શિખામણરૂપે કહેવાયેલા છે. રહસ્યાર્થ એ છે કે ખાનપાન, વિષય ભોગ અથવા વ્યાપાર વણજ વિગેરે કોઈ પણ કાર્યમાં એવી **દુરઅંદેશી વાપરતા શિખો** કે તે તે કાર્યનાં પરિણામે તમને હાનિ વેઠવી ન પડે, પશ્ચાતાપ કરવો ન પડે કે નિરાશ થવું ન પડે. અને એટલામાટેજ શાસ્ત્રકારોએ કથન કર્યું છે કે—

" सहसा विदधीत न क्रिया, मविवेकः परमापदां पदम् ।
वृणुते हि विमृश्यकारिणं, गुणलुब्धाः स्वयमेव संपदः ॥ "

મતલબ કે કોઇ પણ કાર્ય સહસા-વગર વિચારે-ધોમાં આવીને કરવું નહિં પણ લાંબો વિચાર કરીને પોતાથી બની શકે-નભી શકે એવું હોય અને તે પરિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણામે લાભકારી હોય તોજ તે કરવું, નહિં તો તેનો આરંભજ ન કરવો. કેમકે જો એમ વિવેક-વિચારવગર ધોગમાં આવી કંઇ ન કરવાનું કાર્ય કરી નાંખવામાં આવે તો તેથી પરિણામે પોતાને તેમજ ક્વચિત્ બીજાઓને પણ બહુ સોસવું પડે, ભારે આપદા આવી પડે અને તેથી ભોગ ભારે થઇ પડે. માટેજ જ્ઞાની-વિવેકી પુરૂષો દરેક કાર્ય કરતાં વિચારીનેજ પગલું ભરવા ભલામણ કરે છે. જે ભવ્યજનો વિચારીને પગલાં ભરે છે એટલે હિતાહિત, લાભાલાભ યા કૃત્યાકૃત્યનો પૂરતો ખ્યાલ કરીને કોઇ કાર્ય કરે છે, તેને સફળ સંપદા તેના ગુણમાં લોભાઇને સહેજે આવી મળે છે. આ નીતિના વાકયમાં ઘણો ગંભીર અર્થ સમાયેલો છે. જે શુભાશય સજ્જનો તે પ્રમાણે વિચારપૂર્વક વિવેકથી વર્તે છે તે ભાગ્યશાળી લોકો પોતાનું ભવિષ્ય સુખે સુધારી શકે છે. સન્નીતિથી ચાલનારા સહુ કોઇ સદાય સુખી રહે છે.

## ' અપ્રમાદ ' ( અંતસુધી )

૧૩ તમારી જીંદગીની છેલ્લી ક્ષણ સુધી મહેનત-ઉદ્યોગ સેવજો. આળસુ -એદી થઇ નકામા બેશી રહેશો નહિં. નકામા બેશી રહેનારા આળસુ-નિરૂદ્યમીને તેની જીંદગી અકારી-કેવળ બોજારૂપ થઇ પડે છે. તેમને એક ઘડી કે એક દિવસ વર્ષ જેવો ભારે લાગે છે; ત્યારે મહેનતુ-ઉદ્યોગી-કામગરા માણસોને ગમે તેવડી લાંબી જીંદગી સુખરૂપ લાગે છે, આનંદમાં પસાર થઇ જાય છે. તે તેમને લગારે કંટાળાભરેલી લાગતી નથી. સતત્ ઉદ્યમી માણસોજ દુનિયામાં મ્હોટાં મહત્ત્વનાં કાર્યો કરી શકે છે. પરંતુ નિરૂદ્યમી-આળસુ માણસો તેમ કરી શકતા નથી. તે બાપડા બીજાના મુખ સામે જોઇ, બીજા ઉપર વિશ્વાસ રાખી, બીજાની આશા રાખી, પરતંત્ર બની પોતાનું જીવિત પૂરૂં કરે છે. મહેનત-સતત્ મહેનતથી ખંતપૂર્વક કોઇ પણ કર્તવ્ય કર્મમાં મચ્યા રહેનારા માનવીઓ કેવાં કેવાં આશ્ચર્યકારક કામ કરી શકે છે તે દુનિયાનો અનુભવ કરનારા ભાઇ બ્હેનોને અજાણ્યું નથી. જે જે નવી શોધખોળો થયેલી છે, થાય છે અને ભવિષ્યમાં થશે તે સર્વે સતત્ ઉદ્યમને આભારી છે. પુરૂષાર્થને કશું અસાધ્ય નથીજ એમ પુરૂષાર્થ કરી જાણનારાને સ્વાનુભવથી સમજાય છે, તેથીજ તેઓ પોતાના કાર્ય પાછળ તન મનથી મચ્યા રહે છે. પરંતુ જે માણસો નકામા બેશી રહેવા ટેવાયેલા હોય છે તેમને કંઇ પણ કામ કરવું બોજારૂપ થઈ પડે છે એટલે તેમને કામ કરતાં ભારે કંટાળો આવે છે. એવા આળસુ લોકોનું જીવિત પોતાને તો શું પણ દુનિયાને પણ કેવળ બોજારૂપ થઇ પડે છે. ત્યારે સતત્ ઉદ્યમી જનોનું જીવિત પોતાને તેમજ પરને સહાયરૂપ-સુખરૂપ-આનંદરૂપ હોવાથી ભારે કિંમતી થઇ પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



' ધીરજ અને ખંત. '

૧૪ ' ધીરજ–હિમ્મત અને મહેનતથી માણસો મોટા પહાડોને પણ ઉલ્લંઘી જાય છે. ' એટલે ગમે તેવાં વિઘ્નો દૂર કરી નાંખી આલોક તેમજ પરલોક સંબંધી સ્વસાધ્ય સિદ્ધ કરે છે. જો કે જાતમહેનતથી માણસ ઘણું કામ કરી શકે પણ જો જાતમહેનત સાથે ધીરજ હોય, અધીરજ ન હોય, હિમ્મત હોય, ડરપોકપણું ન હોય તો તે ધારેલું કાર્ય બહુ ફતેહમંદીથી નમુનેદાર કરી શકે છે. મહેનત કરતાં છતાં જો ધીરજ ન રહે, ફળ મેળવવા આતુરતા–ઉતાવળ થઇ જાય તો જે ફળ કાળ પરિપાકાદિક વગર મળી શકતું નથી તે મેળવ્યા વગરજ પોતાની મહેનત અધવચ તજી દઇ માણસ ઉભયભ્રષ્ટ થાય છે. કહ્યું પણ છે કે ' ઉતાવળા આંબા પાકે નહિ ', ' ઋતુ વગર ફળ થાય નહિ, ' ' ભૂખ્ય છતાં બે હાથે જમાય નહિ. ' એ બધી કહેવતો આપણને ધીરજ રાખી ઉદ્યમ કરવા સૂચવે છે. કરેલો ઉદ્યમ અવસર પામી ફળીભૂત થાયજ છે. ફળ માટે અધીરાઈ કરવાથી કશો ફાયદો થતો નથી. પરંતુ તેથી નુકશાન તો ઘણુંજ થાય છે. એમ સમજી સુજ્ઞ વિચક્ષણ જનો સદાય સ્વકર્તવ્ય કરવામાંજ મચ્યા રહે છે તેઓ તેના ફળ માટે એટલી કાળજી રાખતા નથી, છતાં તેમના શાંતિભરેલા સતત ઉદ્યમથી ફળ તો તેમને ઇચ્છાવગર આપોઆપ આવી મળે છે. વળી એવી રીતે ઉત્તમ પદ્ધતિસર કામ કરવાથી તેઓ અનેક લોકોપયોગી કાર્યો કરી શકે છે, જે દેખી અનેક જનો એવા ઉત્તમ સદ્ગુણો શિખીને સહુ કોઇને ઉપકારક થઇ પડે છે. ઈતિશમ્.

# भावपूजामां स्तवन केवां बोलवां ?

[1]પ્રશ્ન—સ્તુતિ, સ્તોત્ર, સ્તવનાદિકવડે ભાવપૂજા થાય છે તે સ્તોત્રાદિક કેવા હોવાં જોઇએ ?

ઉત્તર—સ્તુતિ સ્તોત્રાદિક પ્રભુના લક્ષણ લક્ષિત શરીર સંબંધી, ક્રિયા (આચાર ચારિત્રાદિક સદ્ગુણો ) સંબંધી, ગુણોસંબંધી વર્ણનવાળાં, ગંભીર અર્થ–ભાવ વાળાં, વિચિત્ર વર્ણયુક્ત અલંકારવાળાં, પરિણામની વિશુદ્ધિ કરવાવાળાં, વૈરાગ્યરસ અને મોક્ષાભિલાષને પોષનારાં, જેમાં પોતે કરેલ પાપ નિવેદન કરવામ

૧ ષોડશક સંબંધી લેખમાંથી–શ્રી જૈન ધર્મ પ્રકાશ. માર્ગશીર્ષ. ૧૯૬૯.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવેલાં હોય, જે ઉપયોગસહિત અક્રમપણે ઉચ્ચારવામાં આવેલાં હોય, જેનાં અનેક ઉત્તમ અર્થ થઇ શકતાં હોય અને જે મહામતિવંત પુરૂષોએ ગુંથેલાં-રચેલાં હોય તેવા સ્તોત્રાદિકવડે પ્રભુની સ્તવના કરવી.

વળી સ્તવન ભાવપૂજામાં કેવાં બોલવાં તે માટે **દેવવંદન ભાષ્યમાં** કહ્યું છે કે:—

**गंभीर महुर सद्दं महथ्थजुत्तं हवइ थुत्तं** એટલે ગંભીર ઉંડા આશયવાળા મધુરશબ્દ ધ્વનિવાળા, અને મોટો અર્થ જેમાં રહેલો છે તેવા સ્તવન ભાવપૂજામાં પ્રભુ સન્મુખ બોલવાં.

ઉપરના બંને વાકયો ભાવપૂજા કરતી વખતે આપણે સ્તવન કેવાં બોલવાં તે બરોબર સમજાવે છે. સ્તવન કેવાં બોલવાં તે બાબતમાં ઘણી અજ્ઞાનતા હાલ જોવામાં આવે છે, તેથી આ સ્થળે તે બાબત તરફ ખાસ લક્ષ ખેંચવા આ પ્રવૃત્તિ થયેલ છે.

ગુજરાતી ભાષાની ખીલવણી થયા પછી અનેક જૈન કવિઓએ પોતાને રૂચે તેવી બાબતમાં પોતાની કવિત્વ શકિત ચલાવી છે, અને ઘણાં સ્તવનો બનાવ્યાં છે. તેમને જે અધિકાર પસંદ આવ્યો તે અધિકારની મહત્વતા બતાવવા તેમણે પોતાની કવિત્વશકિતનો ઉપયોગ કર્યો છે. આ સ્તવનોમાં કેટલાંક તો બહુ સામાન્ય છે, કેટલાંક મધ્યમ અર્થ ગૌરવવાળાં છે, ત્યારે કેટલાંક તો બહુ ગંભીર અર્થવાળાં ઉંડા આશયવાળાં હોઇ સામાન્ય દૃષ્ટિએ સમજવા પણ મુશ્કેલ પડે તેવાં છે. હવે તે સ્તવનો પૈકી કયા સ્તવનો દેરાસરમાં પ્રભુ સમક્ષ બોલવાં? અને કયા ન બોલવાં? તેજ વિચારવાની જરૂર છે. દરેક સ્તવનમાટે કર્ત્તાનો આશય તેમના બનાવેલ સ્તવનો દેરાસરમાં પ્રભુ સમક્ષ બોલવાં એમજ હોય અને તે માટેજ એ બનાવેલાં હોય તેમ લાગતું નથી. સ્તવન નામમાત્રથી તે પ્રભુ સમક્ષ ભાવપૂજામાં બોલી શકાય તેમ સમજવાનું નથી. દરેક સ્તવન તેના કર્ત્તાએ જુદા જુદા આશયથી બનાવેલાં હોય છે, અને તે આશયનો વિચાર કરી તે પ્રમાણે સ્તવનો બોલવાં તેજ હિતકર અને શ્રેયસ્કર છે.

મુખ્યતાએ સ્તવનના ચાર વિભાગ કહી શકીશું. (૧) પ્રભુની સ્તુતિ, પ્રભુની મહત્વતા દર્શાવનારાં સ્તવનો, (૨) ઉપદેશ અને આત્મ નિંદાયુકત પ્રભુમહત્વતા દર્શાવનારાં સ્તવનો, (૩) તીર્થોનું માહાત્મ્ય સૂચવનારાં સ્તવનો અને (૪) તિથિઓની ઉપયોગિતા સૂચવનારાં સ્તવનો. ઘણાં ખરાં સ્તવનોનો આ ચાર વિભાગમાં સમાવેશ થઇ શકે છે, અને સ્તવનો સંબંધી વિચાર કરતાં આ ચારે વિભાગનાં સ્તવનોની તરતજ ખબર પડે તેવું છે. તે વિભાગો માટે દાખલા તરીકે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પહેલા વિભાગમાં ચોવીશીઓમાંથી ઘણાં સ્તવનો આવી શકે તેવાં છે. દાખલા તરીકે યશોવિજયજીની આખી ચોવીશી આ વિભાગમાંજ આવી શકે છે. વળી તદુપરાંત 'પ્રથમ જિનેશ્વર પ્રણમીએ, જાસ સુગંધી રે કાય;' 'શાંતિ જિનેશ્વર સાહિબારે,' 'શ્રીપાર્શ્વજી પ્રગટ પ્રભાવી' વિગેરે સ્તવનો પ્રભુ માહાત્મ્ય દર્શાવવાપૂર્વક પ્રભુ સ્તુતિ માટેનાં છે.

(૨) શ્રી આનંદઘનજીની, દેવચંદ્રજીની, મોહન વિજયજીની વિગેરે ચોવીશીઓ બીજા વિભાગમાં આવી શકે છે. અને તેવાં સ્તવનો બહુ છે. દાખલા તરીકે 'જ્ઞાનાદિક ગુણ સંપદારે,' 'તારહો તાર પ્રભુ મુજ સેવક ભણી, જગતમાં એટલું સુયશ લીજે' 'બાળપણે આપણ સસનેહી,' 'સોળમાશ્રી જિનરાજ, ઓળગ સુણો અમ તણી, લલના. વિગેરે. આમાં ઘણાં સ્તવનો પહેલાં અને બીજા વિભાગ બંનેમાં આવી શકે તેવાં પણ છે. આ બે વિભાગનાં સ્તવનો ખાસ દેરાસરમાં બોલવા લાયક હોય છે. ત્રીજા અને ચોથા વિભાગનાં સ્તવનો જાણીતા છે. તીર્થાદિકનું માહાત્મ્ય દર્શાવનાર શત્રુંજયના બહુ સ્તવનો પ્રચલિત છે, અને તિથીઓની ઉપયોગીતા દર્શાવનાર પાંચમ, આઠમ, અગ્યારશ વિગેરેના સ્તવનો પણ મશહુર છે.

હવે આ સ્તવનો બનાવવામાં કર્ત્તાઓનો મુખ્ય ઉદેશ શું હોવો જોઇએ? તેનો વિચાર કરતાં આ સ્તવનો જુદા જુદા ચાર આશયની અપેક્ષાએ બનાવવામાં આવ્યા હોય તેમ લાગે છે. કેટલાંક દેરાસરમાં પ્રભુ સમક્ષ બોલવા માટે, કેટલાક આત્માને ઉપદેશ મળે તે સારૂ સ્વાધ્યાય કરતાં ચિંતવવા માટે, કેટલાક પ્રતિક્રમણમાં બોલવા માટે, ત્યારે કેટલાએક સ્તવનો તીર્થાદિક ઉપર બોલવાં માટે બનાવ્યાં હોય તેમ જણાય છે. તેથી દરેક સ્તવન કયા આશયને ઉદ્દેશીને બનાવવામાં આવેલ છે તેનો વિચાર કર્યા પછી જ તે તે સ્થળે તે બોલવાં તેજ યોગ્ય છે. દરેક સ્તવન માટે અત્રે પૃથક્ પૃથક્ વિવેચન કરવાની જગ્યા નથી, પણ સ્તવનો બોલનારે તેનો વિચાર કરીને બોલવાની જરૂર છે.

તિથિના માહાત્મ્ય દર્શાવનાર તથા તીર્થોની ઉપયોગિતા અથવા મોટાઇ બતાવનારાં સ્તવનો ભાવપૂજા કર્યા પછી પ્રભુ સમક્ષ **બોલી શકાયજ** નહિ, તે ખાસ કરીને ધ્યાનમાં લેવા લાયક છે. તે સ્તવનો તો સ્વાધ્યાયમાટે અને પ્રતિક્રમણમાટે નિર્માણ થયેલાં છે, અને તે સ્થળે બોલાવાથી તે બહુ બોધદાયક થવા સાથે ઉપયોગી થઈ પડે તેવાં છે; બાકી પ્રભુ સમક્ષ "પંચમી તપ તુમે કરો રે હો પ્રાણી" અગર "હાંરે મારે ઠામ ધર્મના સાડા પચવીશ દેશજો" અગર "સુત સિદ્ધારથ ભૂપનોરે" અગર "શ્રીરે સિદ્ધાચળ ભેટવા" અગર "એક દિન પુંડરીક ગણધરૂરે" અગર "સિદ્ધાચળગિરિ ભેટયારે ધન્ય ભાગ્ય હમારા"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિગેરે સ્તવનો બોલવાં તે વિચાર કરતાં તરતજ અસમંજસ લાગે તેવું છે. **પ્રભુની** સામે જાણે કે આપણે ( સ્તવન બોલનાર ) તે સ્તવનો બોલતાં ઉપદેશ આપતા હોઇએ તેમ લાગે છે. જે ઉપદેશ પ્રભુએ આપણને આપ્યો છે, અને જે ઉપદેશ સંપૂર્ણ રીતે પાળી જેઓ પારંગત થયા છે, તેમની સમક્ષ આપણે તે ઉપદેશ આપવા બેસીએ, તેવાં ઉપદેશવાળાં સ્તવનો મોટા રાગ કાઢીને બોલીએ તે કેટલું બધું અયુક્ત છે તે ખાસ વિચારવાની જરૂર છે. વળી સિદ્ધાચળનાં કેટલાક સ્તવનોમાં તો તીર્થ માહાત્મ્ય દર્શાવતાં તેમાં ફળનિરૂપણ કરેલ હોય છે, તે સ્તવનો તો માત્ર સ્વાધ્યાયમાટે, સમજણ માટેજ કર્ત્તાએ બનાવેલાં સમજવાં, પણ પ્રભુ સમક્ષ તે બોલવાના હોયજ નહિ, કારણ કે પ્રભુ તો તે ફળ જાણેજ છે; પણ અજ્ઞ એવા આપણને સમજાવવા માટે તે ફળનો તેમણે નિર્દેશ કરેલ છે, અને તે સ્તવનો તેના કર્ત્તાએ તે ફળ આપણને સમજાવવા બનાવ્યાં છે. ઉપર પ્રમાણે સર્વ બાબતોનો વિચાર કરી પછીજ સ્તવનો બોલવામાં પ્રવર્તવું તેજ યોગ્ય છે.

વળી **સ્તવન** શબ્દના અર્થનો વિચાર કરતાં પણ પ્રભુ સમક્ષ કેવાં સ્તવનો બોલવાં તેની ખબર પડે તેવું છે. સ્તવન શબ્દ **સ્તુ** ધાતુ ઉપરથી થયેલ છે. અને **સ્તુ**નો અર્થ સ્તુતિ કરવી, વખાણ કરવા, મહત્વતા દર્શાવવી, પૂજ્યનું પૂજનીકપણું પ્રગટ કરવું તેજ છે. અને તેથીજ સ્તવન બોલતાં જેમાં પૂજ્યની સ્તુતિ, મહત્વતા દર્શાવવામાં આવ્યા હોય તેજ સ્તવનો બોલી શકાય અગર તેજ સ્તવનો કહી શકાય તે ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે.

પ્રાચીન આચાર્યોએ સૂત્રરૂપે " ઉવસગ્ગહરં " નું સ્તવન આપણી પાસે નમુના તરીકે મૂકેલ છે. તે આખું સ્તવન બહુજ ઉત્તમ છે, બોધદાયક છે; પ્રભુના ગુણની સ્તુતિ, તેમની મહત્વતા, તેમના નામોચ્ચારણ માત્રથી પણ થતો લાભ અને પ્રભુ પાસે તેમના જેવા થવાની માગણી, તેમની સેવાથી મોક્ષપ્રાપ્તિ પર્યંતની માગણી–તેજ ભાવો દર્શાવેલા છે. તેવા ભાવો જેમાં દર્શાવવામાં આવ્યા હોય તેજ સ્તવનો ભાવપૂજા કર્યા પછી પ્રભુ સમક્ષ બોલવા તેજ યુક્ત છે.

ઉપર મથાળે જે બે વાક્યો ટાંકવામાં આવ્યાં છે, તે પણ પ્રભુની સમક્ષ કેવાં સ્તવનો બોલી શકાય, તે સ્પષ્ટતાથી સમજાવે છે. જેમાં પ્રભુની સ્તુતિ હોય, વૈરાગ્યરસની ઉત્પત્તિ થાય તેવી સમજણ જેમાં આપવામાં આવી હોય, અર્થ ગૌરવતા જેમાં હોય, પ્રભુના ઉત્તમોત્તમ ગુણોનું જેમાં વર્ણન હોય તેજ સ્તવનો પ્રભુ સમક્ષ બોલવાં તે યોગ્ય છે.

વળી સ્તવનો કેવાં બોલવાં અને કેવી રીતે બોલવાં તે બાબતમાં **યોગબિન્દુમાં** શ્રી હરિભદ્ર સૂરીશ્વરજી ચૈત્યવંદનના અધિકારમાં કહે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



स्थानकालक्रमोपेतं, शब्दार्थानुगतं तथा ।
अन्यासंमोहजनकं, श्रद्धासंवेगसूचकम् ॥ १ ॥
प्रोल्लसद्भावरोमाञ्चं, वर्धमानशुभाशयम् ।
अवनामादिसंशुद्धमिष्टं देवादिवन्दनम् ॥ २ ॥ युग्मम्.

"ચૈત્યવંદનને યોગ્યસ્થાનમાં યોગ્યકાળ વખતે, શબ્દ, અર્થને યોગ્ય; અને અન્યને સાંભળીને પ્રીતિ ઉપજે તેવુંજ, બીજાને બાધા ન ઉપજે તેવું, શ્રદ્ધા અને વૈરાગ્યભાવ જેમાં રહેલ હોય, જેમાં રોમાંચ ખડા થાય તેવા ભાવ ભરેલા હોય, શુભ આશયની જેમાં વૃદ્ધિ થાય તેમ હોય અને વંદનાદિકની ક્રિયાએ કરીને જે શુદ્ધ હોય તેવું દેવવંદન-સ્તવન હોય."

આ બંને ગાથા બહુ ઉપયોગી અને વિચાર કરવાલાયક છે. ચૈત્યવંદન કરવાને યોગ્ય સ્થાન હોય ત્યાં ચૈત્યવંદન કરવું અથવા ચૈત્યવંદન કરવા બાબત મુદ્રા સાચવવાના જે નિયમો કહ્યા છે તે બરોબર સ્તવન બોલતાં સાચવવાં જોઇએ. જે પ્રમાણે શરીરની સ્થિતિ જુદી જુદી રીતે રાખવાની કહી છે તે પ્રમાણે યોગના નિયમ સાચવી સ્તવન બોલવાં; અને તે પણ ગંભીર અર્થવાળાં બોલવાં. તે સાથે ખાસ ધ્યાનમાં રાખવાલાયક તે છે કે આપણા શિવાય બીજા જે કોઇ સ્તવન બોલતા હોય તેના ભાવમાં ખલેલ ન પડે, તેને બાધા ન થાય, તેની સ્થિરતા તુટી ન જાય તેવી રીતે સ્તવન બોલવાં. એટલે કે બહુ મોટો રાગ કાઢીને-અન્ય બોલતા હોય તેને ઢાંકી દઇને સ્તવન ન બોલવાં, પણ મધ્યમ સ્વરથીજ બોલવાં; અને કોઇના ચિત્તમાં વ્યાક્ષેપ ન થાય તેમ બોલવાં અને જે જે બોલવાથી શ્રદ્ધા વધે, સંવેગનું પોષણ થાય તેવાં સ્તવન બોલવાં. આવાં શ્રદ્ધા અને સંવેગની વૃદ્ધિ કરનારાં સ્તવનો તે ઉપર દર્શાવેલા પ્રથમના બે વિભાગના સ્તવનોજ હોઇ શકે છે. બીજા સ્તવનો અન્ય વખતે ભાવોત્પાદક થઈ શકે; પણ પ્રભુ સમક્ષ ભાવપૂજામાં તે શ્રદ્ધા તથા સંવેગને વધારનારા થઇ શકે નહિ. માટે તેવાં સ્તવનો બોલવાં યોગ્ય નથી.

ઉપરની સર્વ હકીકતથી સ્પષ્ટ થાય છે કે પ્રભુનાં સ્તવનો-જેમાં પૂજ્યની સ્તુતિ-મહત્વતા-આત્મગર્હાયુક્ત ઉપદેશ વિગેરે આવેલાં હોય, તેવાં સ્તવનો પ્રભુ સમક્ષ બોલવાં. તિથિ વિગેરેનાં સ્તવનો સ્વાધ્યાય તથા પ્રતિક્રમણમાં બોલવા માટે જણાય છે. અને તીર્થોનાં સ્તવનો તે તે તીર્થ ઉપર બોલવા માટે, અને પ્રતિક્રમણ વખતે અગર સ્વાધ્યાય માટે છે એમ સમજાય છે. ભાવપૂજાના ખપી દરેક જૈન બંધુએ આ હકીકત ખાસ લક્ષમાં રાખી યોગ્ય અવસરે યોગ્ય સ્તવનોને ઉપયોગ કરી તે સ્તવનોથી જે ઉત્તમ ફળ પ્રાપ્ત કરવાનું છે તે પ્રાપ્ત કરવાને પ્રયત્નશીલ થવું જરૂરનું છે. આ બાબત તરફ દરેક બંધુનું ખાસ લક્ષ ખેંચવામાં આવેછે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે સ્તવનો બોલવાના સંબંધમાં કેટલીએક ખાસ જરૂરની બાબતો તરફ પ્રસંગને અનુસરતું લક્ષ ખેંચવામાં આવે છે.

સંગીત એ એક એવી મધુર વસ્તુ છે કે તેનાથી ઇચ્છિત કાર્ય તરત સફળ કરી શકાય છે. શોકના વખતમાં તે આનંદ કરાવનાર-શોક ભૂલાવનાર છે, અને બોલનાર-સાંભળનાર બંનેને એકરૂપ કરી નાંખે છે. તે સંગીત મધુર સ્વરે ઉચ્ચારવાથી બહુ આનંદદાયક નીવડે છે અને તેથીજ ભાવપૂજામાં સ્તવનો કહેવાની આવશ્યકતા છે. તેનાથી પ્રભુના ગુણ ગાતાં પ્રભુમાં તલ્લીન થવાય છે, અને રાવણે જેમ સંગીતની ધૂનમાં મહાન્ પુન્ય ઉપાર્જન કર્યું છે તેવીજ રીતે સંગીતની ધૂનમાં સ્તવન બોલનાર ઇચ્છિતાર્થ મેળવી શકે છે. તેથી ભાવપૂજા કરતી વખતે મુખ્ય ધ્યાન તેજ રાખવાનું છે કે સ્તવન શાંત ચિત્તથી-મનને સ્થીર રાખીને બોલવું; મધુર શબ્દવડે બોલવું, અને મનને આડું અવળું દોડવા દેવું નહિ, તોજ કાર્ય-સિદ્ધિ થઈ શકે છે. જો મન સ્થીર ન હોય તો સ્તવન બોલતાં ભાવની વૃદ્ધિ થતી નથી; માટે બહુજ શાંત ચિત્તે ભાવપૂજામાં પ્રવર્તવાની જરૂર છે.

જે સ્તવનનો રાગ બરોબર આવડતો ન હોય, તે સ્તવન બોલવાની કદી પણ પ્રવૃત્તિ કરવી નહિ. દરેક સ્તવન તેનો રાગ બરોબર જાણ્યા પછીજ બોલવાં. રાગ જાણ્યાવગર સ્તવન બોલવાથી તેમાં ભાવ ઉત્પન્ન થતો નથી.

વળી સ્તવનો ચોપડીમાંથી વાંચીને બોલવાથી ચિત્ત ચોપડીમાંજ રહે છે; તથા-પ્રકારના ભાવની વૃદ્ધિ થતી નથી, માટે જે સ્તવન બોલવાં તે મોઢે કરીને, સાચા રાગથી ચિત્તને બીલકુલ ડામાડોળ કર્યા વિના, પ્રભુ ઉપર એક દૃષ્ટિ રાખીને ઉલ્લસાયમાન ભાવપૂર્વક બોલવાની ખાસ જરૂર છે.

જે સ્તવનોના અર્થ ન આવડતા હોય તેના અર્થ શીખ્યા પછીજ તે સ્તવનો બોલવાં. અર્થ નહિ જાણવાથી અને અશુદ્ધ રીતે મોઢે કરવાથી ઘણી વખત સ્તવન બોલનારાઓ અર્થનો અનર્થ થઈ જાય તેવું બોલે છે. એક સ્તોત્રમાં " છે પ્રતિમા મનોહારીણી, દુઃખહરી શ્રી વીરજિણંદની " તેમ છે. તેમાં અર્થ નહિ સમજનાર કોઈ મનુષ્ય ' દુઃખહરી ' ને બદલે ' દુઃખકરી ' બોલે તો તે કેટલું બધું અનર્થ ઉપજાવનારૂં છે તે વિચારવાની જરૂર છે. વળી અર્થ નહિ સમજવાથીજ ઘણી વખત "જગત્ ત્રયાધાર કૃપાવતાર" એ શ્લોક બોલીને જ પ્રભુ પાસેથી બોલનારા ચાલ્યા જતા દેખાય છે. અગર ભક્તામરની પ્રથમની બે ત્રણ ગાથા બોલે છે. પણ તે શ્લોકો તો ત્યારપછી જે મહાન ભાવો તે સ્તોત્રોમાં દર્શાવેલા છે તે સાંભળવા પ્રભુની નિમંત્રણા કરવાવાળા છે. એક માણસને પોતાની હકીકત સાંભળવાનું કહી પછી તેને કાંઇ પણ કહ્યાવગર ચાલ્યું જવું એ જેમ અયુક્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, તેવુંજ અર્થ જાણ્યાવગરનું ઉપરોક્ત સ્તોત્રના અમુક શ્લોકોનું બોલવું અને પછી ચાલ્યા જવું તે નકામું છે. તેવીજ અશુદ્ધતા અર્થ જાણ્યા વગર બોલાતા ઘણાં સ્તવનોમાં જોવામાં આવે છે, માટે સ્તવનોના અર્થ જાણ્યાવગર તે બોલવાની કદી પણ પ્રવૃત્તિ કરવી નહિ.

ઉપર કહેલ છે તે પૈકી એક બાબત તરફ અત્રે ફરી લક્ષ ખેંચવામાં આવે છે કે અન્ય સ્તવન બોલનારને જરા પણ ડોળાણ થાય, તેનું ચિત્ત ભાવમાંથી ખસી જાય, તેના ભાવની શ્રેણી તુટી જાય, તેવી રીતે મોટો રાગ કાઢીને કોઇ દિવસ સ્તવનો બોલવાં નહિ. હાલમાં તે પ્રવત્તિ બહુજ વધી ગઇ છે. અને દેરાસરમાં શાંતિને બદલે ગડબડાટ–ઘોંઘાટ થઇ રહે છે, પણ હરિભદ્રસૂરિ મહારાજ કહે છે તે બાબત ઉપર ખાસ ધ્યાન આપી શાંત ચિત્તથી ધીમે સાદે સ્તવન બોલવાની જરૂર છે, જેથી બીજાને અંતરાય થાય નહિ.

ઉપર પ્રમાણે દરેક બાબતનો વિચાર કરી સ્તવનો બોલવાની જરૂર છે. પ્રાચીન આચાર્યો–જૈન કવિઓએ સ્તવનો બનાવીને આપણી ઉપર મહાન્ ઉપકાર કર્યો છે. તે ઉપકારનો બદલો તે તે સ્તવનોનો યોગ્ય સ્થળે યોગ્ય ઉપયોગ કરવાથી વળી શકે છે. તેથીજ ભાવપૂજા, સ્વાધ્યાય, પ્રતિક્રમણ, કે તીર્થાદિક સ્થળે ઉચિત હોય તેવાં સ્તવનોનો બરોબર વિચાર કરી, ઉચિત સ્થળે ઉચિત સ્તવનો બોલી, મનને શાંત–સ્થિર રાખી, સ્તવનનો અર્થ તથા રાગ જાણીને, તે મોઢે કરીને, અન્યના ચિત્તને ડોળાવ્યા વગર, મધુર રાગથી, પ્રભુમાં તલ્લીન થતાં સ્તવન બોલવાં તેજ યુક્ત છે, તેજ મનુષ્ય ભવનો લ્હાવો છે, અને તેવી રીતેજ સ્તવનો ઉચ્ચારવાથી પૂજાનું મહાન્ ફળ મળી શકે છે. દરેક જૈનબંધુનું તે બાબત તરફ ખાસ લક્ષ ખેંચી હવેથી સ્તવનો બોલવામાં દેખાતી અજ્ઞાનતા દૂર થશે તેમ ઇચ્છી આ વિષય સંપૂર્ણ કરવામાં આવે છે.

**કાપડીયા નેમચંદ ગીરધરલાલ.**

# जैन वर्गमां भणेलानी संख्या केटली छे ?

**જૈન કોમ વચ્ચે હસ્તી ધરાવતાં ભારે અભણપણાં વિષે વસ્તીની ગણતરીના છેલ્લા આંકડાઓ ઉપરથી પડતું ધ્યાન ખેંચનારૂં અજવાળું અને તેવી સ્થિતિ સુધારવા માટે ભગીરથ પ્રયત્ન કરવાની અગત્ય.**

જૈન કોમ એક વેપારી અને ધંધાદારી કોમ છે અને તે બીજી હિંદુ અને એસ્લામી કોમો કરતાં પ્રમાણમાં ઠીક કેળવાયેલી છે. તદન પછાત દશા ભોગવ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નારાંઓ કરતાં સારી હાલત ધરાવવાને લીધે સરખામણીમાં જૈનકોમ ઠીક દેખાવ કરી શકે, પણ તે છતાં તે જ્યાંની ત્યાં પડી રહે અને બીજી પછાત દશા ભોગવતી કોમો જીવતોડ પ્રયાસ કરીને આગળ વધે, ત્યારે પછી જૈન કોમની કેળવણી સંબંધી સ્થિતિ ઘણી દયાજનક થઇ પડે તેમાં કાંઇ નવાઇ નહીં. સને ૧૯૧૧ નાં વરસમાં કરવામાં આવેલી વસ્તીની ગણતરી આ બાબતમાં સારૂં અજવાળું પાડે છે. તે બતાવી આપે છે કે-પોતા વચ્ચે કેળવણીનો પ્રચાર ઘણો સારો હોવા માટે મગરૂરી લેતી જૈન કોમ બીજી કોમોના જેટલી નહીં તો પણ ઘણી પછાત છે. એટલે કે જ્યારે બીજાઓ કેળવણીમાં આગળ વધે છે ત્યારે જૈનો તેટલા આગળ વધતા નથી. એ ગણતરી દરમીઆન મેળવવામાં આવેલી વિગતો બતાવેછે કે-જૈનોમાં દર હજારે ૪૭૫ પુરૂપો અને ૯૩૫ સ્ત્રીઓ તદન નિરક્ષર સ્થિતિ ભોગવે છે. એક હજારે માત્ર ૫૫ સ્ત્રીઓ લખી વાંચી જાણતી હોય અને લગભગ અર્ધ પુરૂપો અભણ હોય એ સ્થિતિ ભોગવનારી જૈનકોમને પણ કેળવણીના સંબંધમાં પછાત દશા ભોગવનારી કોમ તરીકેજ ઓળખાવવામાં આપણે કદાચજ ભૂલ કરેલી લેખાશે. ગયા દાહેકામાં જૈન કોનફરન્સો આદિ સાધનોવડે કેળવણીના પ્રશ્ને જૈનકોમનું સારૂં ધ્યાન ખેંચ્યું છે, તે છતાં ખરી દશાથી તેઓ પૂરતાં વાકેફગાર નહીં હોવાને લીધે મુખ્ય ધ્યાન ઉંચા પ્રકારની કેળવણી ઉપરજ અપાય છે. અને તેની સાથે એમ માની લેવામાં આવે છે કે જૈન બાળકો પ્રાથમિક કેળવણી વગરના તો રહેતાંજ નથી. પણ ખરી સ્થિતિ આપણે ઉપર જોયું તેમ તદન ઉલટીજ છે. દર સેંકડે ૪૭ પુરૂષ અને ૯૫ સ્ત્રીઓ ગુજરાતી કે મરાઠી ભાષામાં એક ટુંકો પત્ર લખવા કે વાંચવાની શક્તિ ધરાવતી નથી, તે સ્થિતિ ખાસ ધ્યાનમાં લેવા જેવી છે. ઇલાકાને લગતી વધુ વિગતોમાં ઉતરતાં જણાય છે કે-મુંબઇ ઇલાકામાં જૈનોની કુલ વસ્તી ૪૮૯૯૫૨ જેટલી નોંધાયેલી છે, જેમાંના ૨૧૨૩૦૯ બ્રીટીશ મુલકમાં વસે છે, અને બાકીના ૨૭૭૬૪૩ દેશી રાજ્યો અને પોલીટીકલ એજન્સીઓમાં વસે છે. જેમ દેશી રાજ્યોમાં તેમ બ્રીટીશ મુલકમાં ભણેલા અને અભણ સ્ત્રી પુરૂષોની કરવામાં આવેલી નોંધ ઉપરથી જોવાને બની આવે છે કે પુરૂપોમાં અર્ધ કરતાં વધુ ભાગ તદન અભણ હાલત ભોગવે છે, જ્યારે સ્ત્રીઓમાં તો ભારે પ્રમાણમાં અભણપણું હસ્તી ધરાવેછે. એ સ્થિતિ બ્રીટીશ મુલકમાં તેમજ દેશી રાજ્યોમાં લગભગ સરખીજ છે. ૨૫૪૦૦૦ પુરૂષોમાં ૧૨૬૦૦૦ ભણેલા છે જ્યારે ૧૨૮૦૦૦ અભણ છે. પણ ૨૩૫૦૦૦ સ્ત્રીઓમાં તો માત્ર ૧૪૪૯૭ સ્ત્રીઓજ ભણેલી છે. અને ૨૨૦૮૦૪ અભણ છે. ૨૩૫૦૦૦ શ્રાવીકાઓમાંની ૨૨૦૦૦૦ શ્રાવીકાઓ પોતાની ભાષા પણ લખી વાંચી જાણતી ન હોય તો પછી તેઓ વ્રત, ઉપવાસ આદિ ગમે તેવી સખ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્રિયાઓ કરવાં છતાં પણ સ્વધર્મની ખરી સમજ કેમ મેળવી શકે ? તે એક દેખીતો સવાલ છે. હવે તે આંકડાઓનો વધુ અભ્યાસ કરતાં જૈન બાળકોમાં અત્યારે કેટલું અભણપણું છે તેનો ખ્યાલ આવે છે અને તે બહુ ખેદ ઉપજાવનારો થઈ પડેછે. દશ વરસની અંદરની વયનાં ૧૧૬૧૭૨ બાળકોમાંનાં માત્ર ૬૧૨૫ શીખેલા છે, જ્યારે ૧૧૦૦૪૭ બાળકો અભણ પડ્યા છે. આમાંથી પાંચ વરસની અંદરની વયના સુમારે અરધો અરધ બાળકો બાદ કરીએ તોપણ બાકીના અરધા સંખ્યાના બાળકો અભણ પડ્યાં છે. તેને માટે જૈન કોમ મગરૂરી કેમ લઇ શકશે ? જૈન કોમમાં પ્રાથમિક કેળવણીનો પ્રચાર સારો છે અને તેને માટે કાંઇ ખાસ શ્રમ ઉઠાવવાની જરૂર નથી એવી માન્યતા ઘણા આગેવાનો ધરાવે છે. પણ તે માન્યતા આ રીતે આધારવગરની જણાય છે, અને ખરૂં જોતાં જૈન બાળકો હજુ ઘણાં મોટા પ્રમાણમાં અભણ પડ્યાં છે. દશથી પંદર વરસની વયનાં જૈન બાળકોની કુલે સંખ્યા ૫૨૫૨૨ જેટલી છે તેમાં પણ માત્ર ત્રીજા ભાગ જેટલાં એટલે કે ૧૭૮૩૨ છોકરા શીખેલા છે, જ્યારે ૩૪૬૯૦ અભણ છે. પંદરથી વીશ વરસ સુધીનાં યુવાન સ્ત્રી પુરૂષો આખા ઇલાકામાં ૪૩૨૧૫ જેટલા છે, તેમાંનાં ૧૮૦૯૩ શીખેલા અને ૨૫૧૨૨ અભણ છે. બાળ અને યુવાન પ્રજાની આ સ્થિતિ જૈન કોમને માટે ઘણો ખેદ ઉપજાવનારી છે. અને જો તે સ્થિતિ સુધારવાનો ઝુંડો તરતમાં ઉપાડી લેવામાં નહીં આવે તો ભવિષ્ય ઘણું ખરાબ આવેલું જોવા તૈયાર રહેવું પડશે. વીશ વરસની ઉપરની વયના ૧૫૯૦૦૦ અભણ સ્ત્રી પુરૂષોને તો હવે શિક્ષણ આપવું લગભગ મુશ્કેલજ છે. પણ બાળ અને યુવાન પ્રજાની કેળવણી સંબંધી હાલત સુધારવાની જરૂર ઘણી મોટી છે. અને તેના સંબંધમાં ગફલત કરવી પરવડે તેમ નથી.

આ આંકડાના સંબંધમાં કદાચ એક દલીલ એવી કરવામાં આવશે કે દક્ષિણમાં વસતા જે જૈનો ખેતીવાડીનો ધંધો કરે છે, તેઓજ માત્ર અભણ છે અને ગુજરાત, કાઠીયાવાડમાં અભણપણું જુજ છે. પણ તેનો જવાબ આપણે એજ આંકડાઓમાંથી મેળવી શકીએ તેમ છે. અમદાવાદ શહેરમાં જૈનોની કુલે વસ્તી ૧૬૦૮૬ની છે તેમાંના માત્ર ૩૯૫૭ શીખેલ છે અને ૧૨૧૨૯ અભણ છે. મુંબઇ શહેરમાં ૨૦૪૬૦ જૈનો છે તેમાંના ૧૧૬૨૭ શીખેલા છે અને ૮૮૩૩ અભણ છે. મુંબઈ જેવા સૌથી આગળ વધેલાં શહેરમાં પણ દસ વરસની અંદરના ૯૩૦ છોકરા અને ૯૦૩ છોકરીઓ, દશથી પંદર વરસની વયના ૫૪૨ છોકરા અને ૩૧૨ છોકરીઓ, અને પંદરથી વીશ વરસ સુધીની વયના ૫૫૮ છોકરા અને ૬૦૫ છોકરીઓ અભણ છે. તે બીના મુંબઇના આગેવાનોએ ખાસ લક્ષમાં રાખવા

For Private And Personal Use Only

જેવી છે. તે ઉપરાંત જીલ્લાઓ તપાસતાં લગભગ દરેક જીલ્લામાં અભણ જૈનોની સંખ્યા મોટી હસ્તી ધરાવે છે. જે જીલ્લાઓના જૈનો ખેતીનો ધંધો નથી કરતા પણ વેપાર રોજગાર કરે છે, તેવાઓમાં પણ અભણપણું પુષ્કળ છે. અમદાવાદ જીલ્લામાં ૧૯૪૬૧, ખેડામાં ૩૮૫૭, સુરતમાં ૫૨૨૩, કચ્છમાં ૫૩૫૪૫, કાઠીઆવાડમાં ૬૮૦૮૩, મહીકાંઠામાં ૫૯૫૧, પાલણપુરમાં ૧૬૧૩૦ અને રેવાકાંઠામાં ૮૪૦ જૈનો અભણ દશા ભોગવે છે અને તે સઘળા જુદી જુદી નાની મોટી વયના છે. ખેતીનો ધંધો કરનારા જૈનો પણ સ્વભાષાથી અજ્ઞાન હોય એ સ્થિતિ જૈન કોમને અફસોસ ઉપજાવનારી છે, પરંતુ જે જીલ્લાઓમાં વસનારા જૈનો વેપાર વણજ અને નોકરી ધંધો કરનારા છે તેઓમાં પણ અભણપણું ઉપર જણાવ્યા પ્રમાણેની હદનું હોય તે ચલાવી શકાય તેવું નથી. ખેતીનો ધંધો કરનારા કે વેપાર કરનારા સૌ કોઈ જૈનો આપણા સ્વધર્મી બંધુઓ છે, અને તેઓનો ઉદ્ધાર કરવાની ફરજ આપણા ઉપર સૌથી પ્રથમ રહેલી છે. જૈન કોમ સાર્વજનિક કામો માટે નાણાં કાઢી આપવામાં ઘણી જાણીતી છે, પણ તે છતાં અગાઉ આપણે ઘણી વખત બતાવી ગયા છીએ તેમ સઘળી સખાવતને ખરા માર્ગે વલણ આપવાનું હજુ બની શક્યું નથી. કેળવણીને લગતી જૈન સંસ્થાઓ સ્થાપન થતી જાય છે, પણ તેટલેથી હજુ ખરી હાજતના એક નાના અંશનેજ પહોંચી વળાયેલું માની શકાશે. તે માટે સૌથી પહેલાં તો જૈન નામ ધરાવનારૂં એક પણ બાળક પ્રાથમિક કેળવણીથી બેનસીબ ન રહે તેવી ગોઠવણ કરવી જરૂરની છે.

જૈન. (મુંબાઇ સમાચાર–તા. ૨૫ જાન્યુઆરી.)

ઉપર જણાવેલો લેખ ખાસ ધ્યાન આપવાલાયક હોવાથી અહીં દાખલ કરવામાં આવ્યો છે. ઉદાર દિલના શ્રીમંત ગૃહસ્થોએ અને પરોપકાર પરાયણ વૃત્તિવાળા જૈન વિદ્વાનોએ આ બાબત પર ખાસ ધ્યાન આપી આપણા જૈન બાળકો અને બાળકીઓ પ્રાથમિક કેળવણીથી બેનસીબ તો નજ રહે તેવો દૃઢ પ્રયત્ન કરવાની આવશ્યકતા છે. આશા છે કે આ હકીકત ઉપર અવશ્ય દરેક જૈન બંધુ ધ્યાન આપશે અને આ બાબતમાં શું શું પગલાં ભરવા તે સંબંધી ચર્ચા ચલાવશે. અમારા વિચાર પ્રમાણે તો આપણી જૈન કોન્ફરન્સે બીજા સવાલો હાલતમાં બાજુ પર મૂકી આ સવાલ હાથ ધરીને આપણા વર્ગના દરેક સ્ત્રી પુરૂષને પ્રાથમિક કેળવણી લઇ શકે તેવી દરેક સગવડ કરી આપી અભણ એવું શરમાવનારૂં ઉપનામ દૂર કરવા પ્રયત્ન આદરવો જોઇએ. તંત્રી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# शेठ मनसुखभाइ भगुभाइ.

અમદાવાદનિવાસી આ વીર પુરૂષનો જન્મ સંવત ૧૯૧૧ ના શ્રાવણ શુદિ ૧૧ શે વીશા પોરવાડ જ્ઞાતિમાં એવા ધર્મિષ્ટ માતા પિતાને ત્યાં થયો હતો કે જેના ધર્મચુસ્તપણાને માટે હજી પણ લોકો એક મુખે વખાણ કરે છે. પુત્રમાં પ્રાપ્ત થયેલ ધર્મિષ્ટપણાને માટે તેમના માતા પિતાની સ્થિતિનું દિગ્દર્શન જરૂરનું છે. શેઠ મનસુખભાઇના પિતા **ભગુભાઈ** અને માતા **પ્રધાનબાઈ** બંને અનેક પ્રકારના ધર્મકાર્ય કરવામાં નિરંતર તત્પર રહેનારાં હતાં. એમના વડીલોએ સિદ્ધાચળજી ઉપર હાથીપોળ પાસે ચોમુખજીનું દેરાસર બંધાવેલું છે અને તેમના પિતા ભગુભાઇએ અમદાવાદમાં રામજીમંદીરની પોળમાં દેરાસર બંધાવેલું છે; શ્રી શત્રુંજયઉપર ઘેટીની પાગને રસ્તે એક કુંડ બંધાવ્યો છે અને બીજા પણ કેટલાક કુંડોનો જીર્ણોદ્ધાર કરાવેલ છે. શેઠ મનસુખભાઈ જન્મ્યા તેજ વર્ષમાં તેમણે શ્રી સિદ્ધાચળનો સંઘ કાઢયો હતો અને ત્યાર પછી શ્રી સિદ્ધાચળની નવાણુ યાત્રાનો લાભ લીધો હતો. ટુંકામાં શેઠ મનસુખભાઇએ શ્રી સિદ્ધાચળ તીર્થની જે ભક્તિ કરી છે તેના બીજ તેમના વડીલથીજ તેમનામાં આરોપિત થયેલાં હતાં.

આવા ગુણિયલ માતા પિતાને ત્યાં જે પુત્ર ઉત્પન્ન થાય તે સદ્ગુણી અને ધર્મચુસ્ત નીવડે તેમાં કાંઇ આશ્ચર્ય નથી. તેમના માતા પિતા શેઠની માત્ર ૨૦–૨૧ વર્ષની વયમાંજ સદ્ગત થયાં હતાં. તેથી ઘણી નાની ઉમરમાંજ સંસાર વ્યવહારનો બોજો તેમને શિર આવી પડયો હતો; પરંતુ તેનો સારી રીતે નિર્વાહ કરવા સાથે વ્યાપાર ઉદ્યોગમાં તેઓ બહુ આગળ વધ્યા હતા. દ્રવ્ય સંપત્તિમાં પણ ઘણો વધારો કર્યો હતો કે જેથી તેઓ ક્રોડાધિપતિ કહેવાને લાયક થયેલા છે. વ્યાપાર સંબંધી હિંમતમાં શેઠ મનસુખભાઇને નરવીર **શેઠ પ્રેમચંદ રાયચંદ** સાથેનો સંબંધ સહાયક થયેલો હતો અને માનવંત પુરૂપ **દાદાભાઈ નવરોજજી** સાથે પણ તેઓ બહુ સારો સંબંધ ધરાવતા હતા. વ્યાપારના સંબંધમાં મીલ ઉદ્યોગ તરફ તેમની દૃષ્ટિ પહેલેથીજ વળી હતી, અને તેમાં તેઓએ વિશેષ પ્રગતિ કરી છે અને ફ્નેહમંદી પણ મેળવી છે. મીલોનર પુરૂષોમાં તેઓ સર્વમાં અગ્રણી ગણાયેલા છે.

મીલો સંબંધી હદ ઉપરાંતનો વ્યવસાય છતાં તેઓ પોતાના ધર્મકાર્યમાં કિંચિત્ પણ સ્ખલિત થતા નહોતા. દરરોજ સામાયિક, દેવપૂજા, ગુરૂ વંદન અને નવસ્મરણ ચઉસરણાદિકનો પાઠ વિગેરે અવિચ્છિન્ન કાર્ય કરતા હતા. તીર્થયાત્રા,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તીર્થસેવા અને સ્વામી વાત્સલ્યાદિ કાર્યમાં નિરંતર અગ્રણી તરીકે ભાગ લેતા હતા. જીર્ણોદ્ધારના કાર્ય પરત્વે તેમજ ધાર્મિક કેળવણી પરત્વે અને પુસ્તકોદ્ધાર પરત્વે તેઓ સાહેબને અપ્રતિમ પ્રેમ હતો. તેમના શરૂ કરેલા દરેક કાર્ય તરફ દષ્ટિ કરતાં એમનો એ પ્રેમ પ્રત્યક્ષ દૃષ્ટિગોચર થાય છે. **શ્રીમાન્ વિજયનેમિસૂરિના** પરિચયમાં આવ્યા ત્યારથી તો તેમનો ધાર્મિક ભાવ અત્યંત વૃદ્ધિ પામ્યો હતો. એ ગુરૂમહારાજ તરફ એમનો અપ્રતિમ પ્રેમ હતો. એમનું વચન તેઓ કદી પણ અમાન્ય કરતા નહીં અને એમના નિરંતરના ઉપદેશથીજ શ્રી શત્રુંજય તીર્થના હકો જાળવવાના સંબંધમાં તેમજ તેને અંગે સ્થપાયેલી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની વ્યવસ્થામાં સતત્ પ્રયત્નવાન્ રહ્યા હતા. એવા સાહસિક પુરૂષના સતત્ પ્રયત્નથીજ આપણે એ તીર્થના હકો વિગેરેનું સંરક્ષણ કરી શક્યા છીએ. એ કાર્યમાં મહુંમ **શેઠ લાલભાઇ દલપતભાઇની** અને એમની રામ લક્ષ્મણ જેવી જોડી હતી. પરંતુ દૈવના કોપથી સુમારે ૭-૮ માસ થયા એ જોડી શેઠ લાલભાઇના અકસ્માત્ થયેલા સ્વર્ગવાસથી ખંડિત થયેલી હતી. અને તેમનો વિરહ શેઠ મનસુખભાઇના હૃદયમાં અંત સુધી બહુ સજ્જડ ખેદ ઉત્પન્ન કરાવનાર થઈ પડ્યો હતો.

શ્રી શત્રુંજય તીર્થ ઉપરાંત ગીરનારજી તીર્થનું કામ પણ હાથ ધરવામાં આવ્યું હતું અને તે તીર્થના સંબંધમાં પણ તેઓ સાહેબ બહુ સારૂં લક્ષ આપતા હતા. તે તીર્થના હક સંબંધી કેટલોક નિર્ણય કરવા માટે તરતમાંજ તેઓ જુનાગઢ પધારવાના હતા; પરંતુ કાળની ગતિ દુરતિક્રમ હોવાથી તે ધારણા મનની મનમાંજ રહી ગઇ છે અને આપણને તે તીર્થના સંબંધમાં પણ એમની ન પૂરી શકાય તેવી ખામી આવી પડી છે.

એમણે લક્ષ્મી મેળવવામાંજ માત્ર પ્રયાસ કર્યો છે એમ નથી; પરંતુ તેનો સદ્વ્યય કરવામાં પણ કાંઇ બાકી રાખી નથી. એમના કરેલા સત્કાર્યમાં દ્રવ્ય વ્યયની એકંદર નોંધ મળી શકી નથી, તેથી જુદા જુદા કાર્યને અંગે તેમણે શું શું વ્યય કર્યો છે તે એકંદર નહીં જણાવતાં તેમાંની મુખ્ય મુખ્ય બાબતો અત્રે જણાવી શકાય તેમ છે.

જિનમંદિરોના જીર્ણોદ્ધારને અંગે તેઓ સાહેબે શ્રી અમદાવાદ ખાતે ખાસ કરીને કેટલાક દેરાસરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે અને બહારગામખાતે હજાર બે હજારની કે તેથી નાની મોટી રકમો પુષ્કળ આપી છે. અમદાવાદ ખાતે કરાવેલ જીર્ણોદ્ધારમાં મુખ્ય રકમો અપાયેલી નીચે પ્રમાણે જાણવામાં આવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨૭૦૦૦ મોઢેયા (મોરીયા) પાર્શ્વનાથજીના દેરાસરમાં.
૩૭૦૦૦ સંભવનાથજીના ભોંયરામાં.
૬૮૦૦૦ ચિંતામણિ પાર્શ્વનાથજીના ચૈત્યમાં.
૬૫૦૦ કાલુશંગની પોળના દેરાસરમાં.
૫૦૦૦ ચંપાળના દેરાસરમાં.
૩૦૦૦ ચૌમુખજીના દેરાસરમાં.
૨૦૦૦ અજીતનાથજીના દેરાસરમાં.

આ શિવાય રાજપરના દેરાસરમાં પણ મોટી રકમ આપી છે. શ્રીકલોલમાં નવું દેરાસર બંધાવી પ્રતિષ્ઠા કરીને સુમારે રૂ. ૨૫૦૦૦ ઉપરાંત ખર્ચ કર્યો છે. એ પ્રસંગે અનેક ઢુંઢીઆઓ મૂર્ત્તિપૂજક થયા છે.

શ્રી કુંભારીઆજી તીર્થે ધર્મશાળામાં રૂ. ૧૦૦૦૦ ) લગભગ ખર્ચ કર્યો છે. અન્યત્ર પણ ધર્મશાળા ને ઉપાશ્રયો માટે નાની મોટી કેટલીક રકમો આપી છે.

છપ્પનીઆના ભયંકર દુષ્કાળમાં રૂ. ૩૫૦૦૦ ) પાંજરાપોળના જનાવરોના રક્ષણ માટે આપ્યા હતા ને છેલ્લા અડસઠના દુષ્કાળ પ્રસંગે રૂ. ૨૫૦૦૦) આપ્યા હતા. આ દુષ્કાળને પ્રસંગે જ્યારે બે ત્રણ લાખ લગભગના ખર્ચ શિવાય જનાવરો બચી શકે તેવું નથી એમ જણાયું હતું ત્યારે પોતે ગમે તેટલા ખર્ચે પણ જનાવરો બચાવવાનો હામ ભીડી હતી. અને તે સંબંધમાં ‘ આપણે ખાઇએ ને ઢોર ભુખ્યા રહે એ બનેજ નહીં ’ એવા સ્પષ્ટ શબ્દો કહીને કાર્યવાહકોને ઉત્તેજન આપ્યું હતું. તે સાથે ફંડ થઇને વસુલ થતા સુધી લાખ લાખ રૂપીઆની રકમ સુધી આપતાં પાછીપાની કરી નહોતી. તદુપરાંત જીવદયાના કાર્યપરત્વે અનેક વખતે પુષ્કળ ખર્ચ કરતા હતા, પરંતુ તેની એકંદર નોંધ રાખવામાં આવી નથી.

શ્રી શત્રુંજયની રંગોપાની ટીપ વખતે રૂ. ૧૦૦૦૦) તેમણે આપ્યા હતા અને એ તીર્થે જ્યારે જ્યારે યાત્રાનિમિત્તે પધારતા હતા ત્યારે ત્યારે સારી રકમ ભંડાર વિગેરે ખાતામાં આપતા હતા.

એઓ સાહેબને સાધારણ ખાતું જ્યાં બને ત્યાં તરતું કરવાની ખાસ ચીવટ હતી અને તેથી જ શ્રી શંખેશ્વરજીના તીર્થનો વહીવટ હાથમાં લીધો ત્યારે પોતાના કુટુંબનીજ એક સારી રકમ ખાસ સાધારણ ખાતે આપી તેના વ્યાજમાંથી તે ખાતાનો કાયમ નિર્વાહ થયા કરે એવી ગોઠવણ કરી આપી હતી.

જૈન કોન્ફરન્સ તરફ તેઓ પ્રીતિ ધરાવનારા હતા. તેમને અભાવ માત્ર ખોટા ડોળઘાલુઓ અને અસદાચરણી કે કહેવા પ્રમાણે અમલ નહિ કરનારા વક્તાઓ અને આગેવાન થઇ પડનારાઓ પ્રત્યે હતો. યોગ્ય પુરૂષને યોગ્ય સાન અને યોગ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કાર્યમાં યોગ્ય મદદ આપવા તેઓ તત્પર હતા. મુંબઇ ખાતે પ્રથમ કોન્ફરન્સ નીભાવફંડ કરવામાં આવ્યું ત્યારે તેઓ સાહેબેજ એક વર્ષને બદલે ત્રણ વર્ષના ખર્ચની ટીપ કરવા સલાહ આપી હતી. પોતે તે વખત એક હજાર રૂપીઆ તેમાં આપ્યા હતા અને ત્યાર પછી અમદાવાદ ને ભાવનગરની કોન્ફરન્સ વખતે પણ હજાર હજારની રકમ આપી હતી.

અમદાવાદ ખાતે પાંચમી જૈન કોન્ફરન્સ મળી ત્યારે તેઓ સાહેબે સખાવત કરવામાં અગ્ર ભાગ લીધો હતો અને તે પ્રસંગે નીચે પ્રમાણે સખાવત કરી હતી.

૫૦૦૦૦ પોતાના પિતાશ્રીના નામથી કેળવણી માટે આપવાના કહ્યા હતા. તેને અંગે હાલમાં શ્રી જૈન જ્ઞાનવર્ધકશાળા ઉર્ફે જૈન સ્કુલ ચાલે છે, અને તેની અંદર સંખ્યાબંધ જૈન બાળકો ગુજરાતી અને ઇંગ્રેજી અભ્યાસ સાથે ધાર્મિક અભ્યાસ પણ કરે છે. આ સ્કુલનું કામ બહુ સંતોષકારક ચાલે છે.

૫૦૦૦૦ પોતાની માતુશ્રી પ્રધાનબાઇના નામથી સ્ત્રીવર્ગને ધાર્મિક કેળવણી આપવા માટે કહ્યા હતા. તેને અંગે જૈન કન્યાઓ અને શ્રાવિકાઓને કેળવણી અપાય છે. તે ખાતું પણ સારૂં ચાલે છે.

૫૦૦૦૦ શેઠ જમનાભાઇના પ્રથમના પત્નીના નામથી જીર્ણ પુસ્તકોદ્ધારમાં આપવાના કહ્યા હતા. આ રકમમાંથી નીચે જણાવેલા ગ્રંથો બહાર પડી ચુકયા છે.

સિદ્ધ હેમચંદ્ર વ્યાકરણ બૃહદ્વૃત્તિ ન્યાસસહીત.

| | |
|---|---|
| ખંડ આદ્ય | ન્યાયાલોક. |
| પ્રમાલક્ષણ | પ્રમાણમિમાંસા |
| ભાષા રહસ્ય | અનેકાંત જયપતાકા |
| સ્યાદ્વાદરહસ્ય | હારિભદ્રી અષ્ટક–સટીક. |

આ શિવાય હાલમાં તત્વાર્થ વૃત્તિ અને સ્યાદ્વાદ રત્નાકર છપાય છે. આ તમામ પુસ્તકો વગર કિંમતે સાધુ સાધ્વી વિગેરેને તેમજ પુસ્તક ભંડારમાટે ભેટ આપવામાં આવે છે. આ બાબતના ખર્ચમાં કાઢેલી રકમ ઉપર આધાર ન રાખતાં જેટલો ખર્ચ થાય તેટલો કરવાને તેઓ ઉત્કંઠિત હતા, અને શ્રી વિજયનેમિસૂરિની પ્રેરણા પણ એ કાર્યપરત્વે સતત્ શરૂજ હતી.

૨૦૦૦૦ પાંચમી કોન્ફરન્સના પ્રમુખ બાબુસાહેબ સીતાબચંદજી નહારે સ્થાપેલા જૈન મદદ ફંડમાં આપ્યા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ શિવાય બીજો પણ તે પ્રસંગે કેટલોક વ્યય કર્યો હતો કે જે નોંધપર આવેલો નથી.

ખાસ કરીને જૈન બંધુઓની આગંતુક ઉપાધિ ટાળવાને પણ તેઓ તત્પર હતા અને તેથીજ એક ઔષધાલય અમદાવાદ ખાતે સ્થાપવામાં આવ્યું છે, જેની અંદર પાસ થયેલા અને અનુભવી ચાર ડાકટરો રાખવામાં આવે છે અને જૈન ઉપરાંત દરેક માણસને તે દવાખાનાનો મફત લાભ આપવામાં આવે છે. આ ઔષધાલયનો વાર્ષિક ખર્ચ સુમારે રૂ. ૧૦૦૦૦ નો છે—સરાસરી ૫૦૦ માણસો દરરોજ એ દવાખાનાનો લાભ લે છે.

આ દવાખાનાની અંદર એલોપેથીક દવા બીલકુલ વાપરવામાં આવતી નથી. હોમીયોપેથીક અને બાયોકેમીક દવાઓ વપરાય છે; કે જે ઘણે ભાગે નિર્દોષ છે. સાધુ સાધ્વીઓ અને પેયાપેયના વિવેકવાળા શ્રાવકો બહુધા આ દવાખાનાનો લાભ લે છે. શેઠ સાહેબને પોતાને અપેય પદાર્થનો દૃઢ તિરસ્કાર હોવાથી તેઓ સાહેબે આ દવાખાનાની સ્થાપના સાથેજ તે વિચાર અમલમાં મુકેલો છે.

છઠ્ઠી જૈન કોનફરન્સ ભાવનગર ખાતે મળી ત્યારે તેઓ સાહેબ પ્રમુખ તરીકે ત્યાં પધાર્યા હતા અને તે વખતે તેઓ સાહેબને અપ્રતિમ માન મળ્યું હતું. કોન્ફરન્સની બેઠકોમાં ભાવનગરના નામદાર મહારાજા સાહેબે અને ત્યાંના મુખ્ય દીવાન સાહેબે વારંવાર હાજરી આપી જૈન સમુદાય તરફ પ્રેમની લાગણી બતાવી આપી હતી. એ પ્રસંગે તેઓ સાહેબે ભાવનગર જૈનબોર્ડીંગના નિર્વાહ માટે રૂ. ૨૦૦૦૦ ની રકમ જાહેર કરી હતી, જે પાછળથી રૂ. ૨૫૦૦૦ ની કરી આપી હતી. આ રકમના અને શેઠ રતનજીભાઈ વીરજી ભાવનગરનિવાસીએ કાઢેલી રૂ. ૧૫૦૦૦ની સદરહુ બોર્ડીંગના નિર્વાહ માટેની રકમના વ્યાજમાંથી એ બોર્ડીંગનો ખર્ચ હાલમાં ચલાવવામાં આવે છે. એ બોર્ડીંગનો લાભ જૈન બંધુઓ લેછે અને ત્યાં રહીને અભ્યાસ કરનારા સ્ટુડન્ટોની પરીક્ષાનું પરિણામ પણ બહુ સારૂં આવે છે.

શેઠજી સાહેબ મનસુખભાઇએ દર વર્ષ દીવાળીના તહેવાર ઉપર કોઇ પણ તીર્થની યાત્રા કરવા જવાનો પ્રચાર શરૂ કર્યો હતો. દરેક વખતે જુદા જુદા તીર્થની યાત્રાનો લાભ તેઓ લેતા હતા. છેલ્લી દીવાળીમાં તેઓ સાહેબ કચ્છમાં યાત્રા કરવા પધાર્યા હતાઃ અને ત્યાંથી વળતાં ઉના અને દીવની પંચતીર્થીની યાત્રાનો લાભ લીધો હતો. આ વખતે ભદ્રેશ્વરમાં, અંજારમાં અને ઉનામાં ધર્મશાળા, ઉપાશ્રય અને દેરાસર વિગેરેમાં સુમારે સાત આઠ હજાર રૂપીઆ આપ્યા હતા. આ પ્રમાણે દરેક યાત્રાપ્રસંગે સખાવત કરતા હતા પરંતુ તેની એકંદર નોંધ ન મળી શકવાથી અત્રે પ્રગટ કરી શકતા નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ શિવાય જૈન બંધુઓને છુપી મદદ પણ તેઓ સાહેબ છુટે હાથે કરતા હતા. તેમની પાસે આવેલો કોઈ પણ માણસ નિરાશ જતો નહોતો. કેટલાએક મંદસ્થિતિમાં આવી પડેલા આબરૂદાર ગૃહસ્થોને ખાનગી સહાય આપી તેમની ચાલુ સ્થિતિ કાયમ જાળવાઈ રહે તેમ કરી આપ્યું હતું. અને કેટલાએકનો હાથ ઝાલી તેમને ઉચ્ચસ્થિતિએ પહોંચાડી લક્ષાધિપતિઓ પણ બનાવી દીધા હતાં, કે જેઓ અત્યારે તેમનો અંતઃકરણથી ઉપકાર માને છે અને તેમના વિરહથી અંતઃકરણથી અત્યંત દિલગિર થયેલા છે.

આશ્રય શોધવા આવેલા અનેક જૈનબંધુઓને તેઓ સાહેબે ધંધે લગાડી દીધેલા છે. મીલો વિગેરેનું સાધન તેઓ પાસે પુરતું હોવાથી ઉદ્યમ કરી શકે તેવા જૈનબંધુઓને તરતજ ખાતાપીતા અને સુખી સ્થિતિવાળા કરવાને તેઓ તત્પર રહેતા હતા.

સરકારી માનપાનની અભિલાષા તેઓ સાહેબને તદન નહીં હોવાથી સરકારની અંદર જાહેર થાય તેવા કાર્યમાંજ દ્રવ્ય વ્યય કરવો એવી તેમની ઇચ્છા નહોતી અને તેથીજ પુષ્કળ દ્રવ્યનો સત્કાર્યમાં વ્યય કર્યા છતાં તેઓ સરકાર તરફથી તેવું માન મેળવી શક્યા નથી, પરંતુ તેના બદલામાં જૈનસમુદાયે તેઓ સાહેબને **દાનવીરની** જે ઉપમા આપી છે તે કાંઇ ઓછી ગણાય તેમ નથી.

એઓ સાહેબને એક પુત્રી **બાળી બ્હેન** નામે હતા. તેમને એક પુત્ર થયેલ છે કે જે હાલ ૨૩ વર્ષની વયના છે. તેમનું નામ **બકુભાઇ ઉર્ફે મણીલાલ** છે. બાળી બ્હેનના સંવત ૧૯૫૦માં થયેલા મરણ પછી શેઠજીએ દીવાળીના શુભ પ્રસંગમાં અન્ય વ્યાવહારિક કાર્યમાં ભાગ લેવો બંધ કરી યાત્રા કરવા જવાનું શરૂ કર્યું હતું.

શેઠ સાહેબને એક પુત્ર નામે **માણેકલાલ** ૧૮ વર્ષની વયના છે. તેઓ ખાનગી ઇંગ્લીશ અભ્યાસ કરે છે. ધર્મચુસ્ત છે. ભાગળ ઉપર સારી આશા આપે તેવા લાયક છે. તેમની માતુશ્રી તેમને તદન બાલ્યાવસ્થામાં મુકીનેજ મૃત્યુ પામ્યા છે. છતાં શેઠજીએ તે વખતે પોતાની ૪૦-૪૧ વર્ષની વય છતાં ફરીને વિવાહ કરવાનો વિચાર માંડી વાળી સારો દાખલો બેસાડ્યો છે.

શેઠજીના લઘુબંધુ નામે **જમનાભાઈ** છે. તેઓ બહુ ભદ્રિક સ્વભાવવાળા અને ઉદાર વૃત્તિવાળા છે. તેમને માથે હાલતો તમામ કાર્યનો ભાર આવી પડ્યો છે. પરંતુ ચી. માણેકલાલ અને બકુભાઈ થોડા વર્ષમાંજ તેમના માથાપરનો બોજો ઓછો કરશે એવો સંભવ છે. આ લઘુબંધુ વડીલ બંધુ પ્રત્યે એવા વિનીત ભાવવાળા છે કે તેમનું દૃષ્ટાંત અન્ય જનોને અનુકરણીય છે. તેમની વય સુમારે ૫૨ વર્ષની છે. તેમના પત્ની પણ ઘણા સુશીલ અને ધર્મપરાયણ વૃત્તિવાળા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી ભોંયણી તીર્થનો વહીવટ કરવા માટે નીમાયેલી કમીટીમાં **શેઠ જમનાભાઈ** પ્રમુખ તરીકે કામ કરે છે. એ તીર્થનો વહીવટ બહુજ વ્યવસ્થિત ચાલે છે. અને તેની વાર્ષિક આવક બહુ વધી પડેલી છે. તેની અંદરથી દરવર્ષ પુષ્કળ રકમ અન્ય જિનમંદિરોના જિર્ણોદ્ધારમાં આપવામાં આવે છે. આ તીર્થની વર્ષગાંઠ મહા શુદિ ૧૦ ની છે. તે દિવસે શેઠજી તરફથી દર વર્ષ મોટું સ્વામીવત્સળ કરવામાં આવે છે.તે પ્રસંગે સંખ્યાબંધ જૈનબંધુઓ એ તીર્થની યાત્રાનો લાભ લેવા આવે છે.

જ્ઞાતિના હિત માટે પણ તેઓ સાહેબે સારો પ્રયાસ કર્યો છે. પોતાની વીશા પોરવાડ જ્ઞાતિમાંથી ફરજીયાત ગણાતા કેટલાક ખર્ચો કમી કરાવ્યા છે અને તેવા ઠરાવનો અમલ કરવામાં તેઓ સાહેબે પહેલ કરી છે તેમજ કરાવી છે.

ભાવનગર કોન્ફરન્સ વખતે તેઓ સાહેબને ત્રણ ચાર માનપત્રો મળેલા છે. તે શિવાય અન્ય પ્રસંગે પણ માનપત્રો મળેલા છે તે ખાસ કરીને વાંચવા લાયક છે. એઓ સાહેબના સદ્ગુણોનું ગાન કરી અન્ય શ્રીમાન્ ગૃહસ્થોને તેમ થવાનું સૂચવવું, અથવા સ્વતઃ તેવા વિચાર થાય તેમ કરવું એ આપણી ફરજ છે. અને તે ફરજને અંગેજ આ ટુંક ચરિત્રનું આલેખન કરવામાં આવ્યું છે.

આ વીર પુરૂષ આ સભાના પણ પેટ્રન હતા. સભા તથા સભાના મેંબરો ઉપર બહુ પ્રેમ રાખતા હતા. તેમના સ્વર્ગગમનથી સભાને પણ ન પૂરી શકાય તેવી મોટી ખામી આવી પડી છે, પણ ભાવી આગળ ઉપાય નથી.

આ વીર પુરૂષે છેલ્લી જૈન સમુદાયની સેવા અમદાવાદ ખાતે માગશર વદિ ૫-૬-૭ એ ત્રણ દિવસે મળેલા આખા હિંદુસ્થાનના શ્રી સંઘની મીટીંગ વખતે બજાવી છે. એ સંબંધી વધારે વર્ણન અહીં લખવાની આવશ્યકતા નથી. કારણકે તે પ્રસંગ હજારો જૈન બંધુઓએ દૃષ્ટિએ જોયેલો છે. એ સેવા બજાવીને પછી જાણ્યે આ જીંદગી સંબંધી પોતાનું કાર્ય સમાપ્ત થયું હોય તેમ માત્ર ૩-૪ દિવસની સાધારણ જ્વરની માંદગીમાં એઓ સાહેબ દેહમુક્ત થઇ પરલોક સિધાવ્યા છે.

માગશર વદિ ૧૨ શનીવારની રાત્રિના ૮ કલાકે એઓ સાહેબના થયેલા અચાનક મૃત્યુથી આખી જૈન કોમ અત્યંત દિલગિર થઈ છે. જૈન શાસનરૂપી મહેલનો એક મજબુત સ્થંભ તુટી પડ્યો છે. જૈન સમુદાયમાંથી એક અમુલ્ય જવાહીર ગૂમ થયું છે, જેમની ખોટ અત્યારે કોઇ પૂરી પાડી શકે તેવું જણાતું નથી. આ પ્રસંગની દિલગિરીનું વર્ણન જેટલું લખાય તેટલું થોડું છે. તેથી વધારે ન લખતાં ટુંકામાંજ તેની સમાપ્તિ કરવામાં આવે છે.

## શેઠ જમનાભાઈ ભગુભાઇની પ્રાથમિક ઉદારતા.

દાનવીર શેઠજી મનસુખભાઇ ગુજરી જતાં તેમની યાદગિરિ કાયમ રાખવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માટે અમદાવાદ ખાતે એક મીટીંગ મળી હતી. તેમાં શેઠ મનસુખભાઇ સ્મારક ફંડ શરૂ કરવામાં આવ્યું છે. તેની અંદર પોણોલાખ લગભગ રકમ થઇ છે. તેમાં શેઠ જમનાભાઇએ પોતાની તરફથી પણ તેટલી રકમ આપવા જાહેર કર્યું છે. આ રકમ હજુ વધવાની છે. તેમાંથી ક્ષયના વ્યાધિવાળાઓને માટે એક સેનીટેરીયમ બંધાવવું ઠર્યું છે. તેમાં પણ ધર્મભ્રષ્ટ ન થવાય તેવી દરેક યોજના કરવામાં આવનાર છે.

ઝાપરીયાળી ખાતે રહેલા જનાવરોના ખર્ચમાં આપેલી જીવદયા ખાતે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની ઘણી મોટી રકમ રોકાતી હતી. તે ખાતું તમામ રકમ આપીને શેઠ જમનાભાઇ તરફથી ચુકતે કરાવવામાં આવ્યું છે. આ રકમ સુમારે રૂ. ૮૦૦૦૦) ની છે.

કલોલથી બે ગાઉ ઉપર આવેલા **સેરીસા** ગામમાં પ્રાચીન દેવાલય સાથે કેટલાક જિનબિંબો નીકળ્યા છે. અને બીજા નીકળવા સંભવ છે. [1] ત્યાં સદરહુ જમીન વેચાણ લઇ, અંદર તપાસ કરાવી, નવીન ચૈત્ય બંધાવી, નીકળેલા બિંબો પધરાવવા માટે રૂ. ૨૫૦૦૦) સુધી આપવાની ઇચ્છા શેઠ જમનાભાઇએ જણાવી છે. તે સંબંધી પ્રયત્ન શરૂ છે.

આતો હજુ પ્રાથમિક ઉદારતા છે. હજુ શેઠ મનસુખભાઇની યાદગિરિ કાયમ રાખવાને અંગે બીજા પણ કેટલાક ઉત્તમ કાર્યો થવા સંભવ છે. ઉદારતાને માટે શેઠ જમનાભાઈ સારો દાખલો બેસાડશે એવી ખાત્રી થાય છે.

## पूज्यपाद पंन्यासजी

# श्री गंभिरविजयजीनो स्वर्गवास.

( લખનાર—મૌક્તિક. )

પોસ વદ ૮ની ભયંકર રાત્રીએ આ મહાત્મા માત્ર ત્રણ દિવસનો વ્યાધિ ભોગવી અરિહંત નામોચ્ચારણ કરતાં કાળધર્મ પામી ગયા એ સમાચાર સાંભળી સર્વ જૈનબંધુઓને બહુ ખેદ થયો છે. ભાવનગરની જૈન પ્રજાએ તેઓના વ્યાધિ દરમ્યાન અને અવસાન પછી ગુરૂ ભક્તિ બહુ સારી બતાવી આપી છે. આબાલ વૃદ્ધ સર્વ બંધુઓ અને અનેક અન્ય દર્શનીઓ તેઓના છેલ્લા દર્શન કરવા આવી તેઓ તરફનો તેમનો પૂજ્યભાવ તેઓએ બતાવી આપ્યો છે. અગ્નિસંસ્કાર દાદા-

૧ આ સંબંધી વિશેષ હકીકત હવે પછીના અંકમાં આપવામાં આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાડીમાં કરવા જતા સાથે પંદરસો જેટલા જૈનોની શોક સ્વારી ચાલતી હતી અને સર્વના મુખમાંથી ગુરૂમહાત્માના ગુણાનુરાગના ઉદ્ગારો નીકળતા હતા. બગીચાના મધ્યભાગમાં જ્યારે સુખડની ચિતાપર અગ્નિ મૂકવામાં આવ્યો ત્યારે અનેક મનુષ્યોમાં જે શોક અને ભક્તિની છાયા પ્રગટી હતી તેનો ખ્યાલ નજરે જોયા વગર આવી શકે તેમ નથી.

આવી રીતે એક સુપ્રતિષ્ઠિત મહાત્મા જેઓ અસલ બ્રાહ્મણ કુળમાં જન્મી સંવત ૧૯૨૫માં યતિધર્મમાં દીક્ષા લઇ છેવટે સંવત્ ૧૯૩૧માં આત્મારામજી મહારાજની સાથે વડી દીક્ષા રાજનગરમાં પ્રાપ્ત કરી ૩૮ વરસ સુધી વિશિષ્ટ ગુણોથી સંયમ આરાધના કરવા ભાગ્યશાળી થયા હતા તેઓ દેહમુકત થયા છે. એમનું ચારિત્ર ખાસ ધડો લેવાલાયક હતું અને સ્થવીર કલ્પી સાધુઓને ખાસ અનુકરણ કરવા યોગ્ય હતું. અનેક પ્રકારની ગચ્છ મર્યાદામાં રહી તેઓ અંત અવસ્થા સુધી સર્વ ક્રિયાઓ અતિશુદ્ધપણે પોતાના હાથથીજ કરતા હતા. કોઇ પણ ક્રિયા કરવામાં જરા પણ ઉતાવળ કરતા નહોતા. અને બહુજ ધીરજથી સામ્ય સ્વરૂપ લક્ષ્યમાં રાખી સંયમના અનેક ગુણો ધારણ કરતા હતા. તેઓની ક્રિયા એટલા વિશિષ્ટ સ્વરૂપમાં જોવામાં આવતી હતી કે જ્યારે જ્યારે તેઓને ક્રિયા કરવામાં ઉદ્યુક્ત થયેલા દેખતા ત્યારે ત્યારે તેઓની એકાગ્રતા પ્રત્યક્ષ જણાઇ આવતી હતી.

ક્રિયામાં એકાગ્રતા સાથે જે ગુણ અન્યત્ર મળવો મુશ્કેલ જણાય છે તે તેઓની વિશુદ્ધ ક્રિયાનું રૂપ હતું. સર્વ ક્રિયા કરતા અને સંયમ યોગ કરતા તેઓ જરા પણ નિરાદરપણું, ઉતાવળ કે ધમાધમ કરતા કદિ જોવામાં આવતા નહિ. ચારિત્ર ગુણ તેઓના હૃદયમાં એટલો અસર કરી ગયો હતો કે જાણે તેનું એક સાક્ષાત્ સ્વરૂપ હોય એમ તેઓની દરેક ક્રિયા વખતે પ્રત્યક્ષ રીતે વ્યક્ત થતું હતું. એ ઉપરાંત ક્રિયા સાથે જે જ્ઞાન હોવું જોઇએ તે તેઓમાં અદ્વિતીય રૂપે અંત અવસ્થા સુધી ઉપસ્થિત હતું. આગમનો અતિ ઉત્તમ બોધ હોવા સાથે જે વાંચ્યું હતું તે સ્થળસહિત તેઓને સ્મૃતિમાં હતું અને અનેક શંકા સમાધાન તેઓ એટલા સંતોષ સાથે અને અસરકારક રીતે કરતા હતા કે એવું ઉપસ્થિત જ્ઞાન અન્યત્ર બહુ ક્વચિત્ જોવામાં આવે છે. પૂર્વ કાળના અનેક મહાત્માઓની તેઓ પ્રસાદીરૂપે હોઇ જાણે ખાસ ચારિત્ર ગુણનો દાખલો બતાવવા માટેજ ભૂતળપર વિહાર કરી અન્ય ભવ્યજનોને માર્ગપર લાવવા યત્ન કરી રહ્યા હોય એમ તેઓના જીવનનો પ્રત્યેક દિવસ, પ્રત્યેક કલાક અને પ્રત્યેક ક્ષણ બતાવી આપતા હતા. પીસ્તાલીશ આગમ અને બીજા અનેક ગ્રંથોનું તેઓએ એટલું ઉત્તમ રીતે અધ્યયન કર્યું હતું કે જ્યારે જ્યારે તાત્ત્વિક પ્રશ્ન તેઓ આગળ કરવામાં આવતો ત્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યારે બહુ સંતોષકારક રીતે દલીલપૂર્વક અને આધારસહિત તે સંબંધમાં તેમના તરફથી જવાબ મળતો હતો, એટલુંજ નહિ પણ એવા પ્રશ્ન કરનાર તરફ એટલા આનંદથી અને માયાળુપણે તેઓ વર્તતા હતા કે જરૂર એવા શંકાસ્થળો પૂછવાની વૃત્તિ જિજ્ઞાસુને પ્રેરણા કરીને થયા વગર રહે નહિ. એની સાથે વળી તેઓની વ્યાખ્યાનકળા ઘણીજ ચાતુર્યયુક્ત અને અસરકારક હતી. દ્રવ્યાનુયોગના અતિ ગંભીર વિષયોપર જ્યારે તેઓ વ્યાખ્યાન વાંચતા, ભગવતીસૂત્ર કે સુયગડાંગ જેવા તત્ત્વજ્ઞાનથી ભરપૂર આગમોના પ્રત્યેક વિષયનું સમર્થપણે પ્રતિપાદન કરતા ત્યારે સાધારણ બુદ્ધિવાળા શ્રોતાઓ પણ આશ્ચર્ય પામતા અને જેઓ એ વિષયના અભ્યાસી અથવા જિજ્ઞાસુ હોય તેને એટલો આનંદ ઉપજાવતા હતા કે તેનો ખ્યાલ બહુ વખત તેમને શ્રવણ કર્યા વગર મળવો મુશ્કેલછે. સુકોમળ મધુર કંઠ અને પ્રત્યેક વિષયને તદ્દન સહેલો કરી આબાલવૃદ્ધ સમજી શકે, પ્રત્યેક વર્ગના અધિકારી મહા ગહન વિષયમાં પણ રસ લઇ શકે અને તેનો ભાવ હૃદયમાં ઉતારી શકે એવી તે મહાત્માની શૈલી હતી અને વૃદ્ધ ઉમર થયા પછી પણ તેઓની અદ્ભુત વ્યાખ્યાન કળા પૂર યોવનમાં અંત અવસ્થા સુધી રહી હતી. તાત્ત્વિક વિષયોના વ્યાખ્યાન જેટલીજ સુંદર રીતે ધર્મ કથાનું વ્યાખ્યાન તેઓશ્રી કરતા હતા અને તે દરમ્યાન પણ સ્ત્રી પુરૂષ બાળ વિગેરે સર્વ મંદાધિકારી તથા ઉત્તમ અધિકારીનું ચિત્ત એક સરખી રીતે આકર્ષતા હતા.

એ સર્વ ઉપરાંત તેઓમાં સમતા ભાવ એટલો ઊંચા પ્રકારનો હતો કે ગમે તેવા નિકટ પ્રસંગોએ ધર્મ નિમિત્તે પણ તેઓના ચિત્તપર ગ્લાનિ કે ક્રોધ જોવામાં આવ્યો નથી. ગચ્છનાયક તરીકે ફરજ બજાવવામાં એવા અનેક પ્રસંગો આવે છે કે જ્યારે ગચ્છમર્યાદા ખાતર ઉપર ઉપરથી પણ ઉગ્ર રૂપ ધારણ કરવું ગચ્છ અને શાસનના હિતમાટે ખાસ આવશ્યક હોય, પરંતુ એવા પ્રસંગમાં પણ આ મહાત્મા પોતાના શાંતમૂર્ત્તિ **ગુરૂ મહારાજ શ્રી વૃદ્ધિચંદજી** મહારાજને પગલે ચાલી એટલી શાંતિ દાખવતા હતા કે ઉગ્ર સ્વરૂપ બાહ્ય રીતે ધારણ કરીને જે પરિણામ નીપજાવી શકાય તે તેઓ પોતાના શાંત સ્વભાવથીજ ઉપજાવી શકતા હતા. તેઓ પાસે જતા પૂર્વ કાળના શાંત મહાત્માઓનું તેઓ સ્વરૂપ હોય, શાંત સ્વરૂપ પોતેજ હોય, વીરપ્રભુની વાનકી હોય એવું ભાન થતું હતું. અને હવે જ્યારે તેઓનો અભાવ થયો છે ત્યારે તેવા ઉત્તમ જ્ઞાન ક્રિયા ઉભયના સંયોગમાં ઇષ્ટ સાધનાર, ગચ્છનાયક તરીકે કામ કરનાર અને અનેક જન પર અનેક પ્રકારના ઉપકાર કરનારની ભાવના મૂર્ત્તિ આપણા હૃદય ચક્ષુ સન્મુખ આવેછે અને શાસ્ત્રની ભવિષ્ય સ્થિતિ માટે અતિ ખેદ કરાવે છે.

ખાસ કરીને ખેદ થવાનું કારણ એ છે કે તેઓ જે શાંતિ, અને ઉદ્યોગ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા ત્યાગનો ચિતાર બતાવી પૂર્વ કાળના મહાત્મા પુરૂષોનું સ્મરણ કરાવતા હતા તે પંક્તિના સાધુઓ બહુ અલ્પ થતા જાય છે. ભાવી બળવાન્ છે, મરણ નિશ્ચિત હકીકત છે અને ઉક્ત મહાત્માની વય વૃદ્ધ હોવાને લીધે અમુક પ્રકારનો દિલાસો મળે છે, પરંતુ સર્વ હકીકત છતાં તેઓશ્રીની જે ખોટ પડી છે તે હાલ તુરત તો પૂરાય એવાં કોઇ ચિહ્ન જણાતાં નથી.

મરહુમ મહાત્માએ શ્રી યશોવિજયજીના જ્ઞાનસાર અને અધ્યાત્મસાર ગ્રંથો પર સંસ્કૃતમાં ટીકા લખી છે, શ્રીમાન્ વિનયવિજય ઉપાધ્યાયના શાંતસુધારસ ગ્રંથપર પણ ટીકા લખી છે અને નયકર્ણિકા પર નોટ સંસ્કૃતમાં લખી છે. પૂજ્યપાદ પોતે કવિ હોઇ અનેક સ્તવનો અને પદોના કર્ત્તા હતા અને એક ચોવીશી અને ત્રણ પૂજાઓ તેઓએ બનાવેલી હોવાનું મારા ધ્યાનમાં છે. બાકી આખો વખત પુસ્તક વાંચવાનો ને લખવાનો તેઓનો ઉદ્યમ ચાલુ હતો. કોઇ પણ વખતે તેઓ પાસે જવાનું બને ત્યારે તેઓ એક યા બીજા પ્રકારની ક્રિયા અથવા વાંચન લેખનમાં પ્રવૃત્ત જોવામાં આવતા. આળસનું તેઓ પાસે નામ નહોતું. ઉપરાંત પોતાના શિષ્યોને અભ્યાસ બહુ સારી રીતે કરાવતા, શંકા સમાધાન બહુ સુંદર રીતે કરતા અને સંયમ યોગ અને ધ્યાનમાં આખો વખત પસાર કરતા હતા. તેઓએ યોગવહન કરી પન્યાસ પદવી પ્રાપ્ત કરી હતી અને પોતાની મહત્વતા સાથે શાસ્ત્રોક્ત રીતે ગચ્છનાયક તરીકે તે પદવીને તેઓ બરાબર ન્યાય આપતા હતા. શ્રાવકોને પણ અભ્યાસ કરાવતા હતા. આ વિષયના લખનારને અને બીજા જિજ્ઞાસુઓને તેઓએ આનંદઘનજીનાં પદો એવા સુંદર બોધ સાથે સમજાવ્યાં છે કે તેની વાનકી મગજમાંથી ખસતી નથી. તેઓનો શાસ્ત્રબોધ અને શૈલીનું જ્ઞાન એટલું વિશિષ્ટ હતું કે તે પદના અર્થો કરતા ત્યારે તેના પ્રત્યેક પ્રસંગે તે બરાબર જોવામાં આવતું હતું. પદના અર્થમાં તેઓએ શું વિશિષ્ટતા બતાવી છે તે અન્યત્ર પદની ઉપોદ્ઘાતમાં બતાવવામાં આવશે.

આવું આદર્શજીવન જેણે શરીર ક્ષીણતાના કારણથી ભાવનગર અથવા તેની આસપાસના ભાગમાં છેલ્લાં પંદર વરસથી લાભ આપ્યો હતો તેનો અંત આવ્યો છે. ભાવનગર પર તેઓનો ખાસ ઉપકાર હતો અને સંઘના અનેક વિકટ પ્રસંગોએ તેઓના ઉપદેશ અને સલાહથી એકત્રતા જળવાઇ રહી છે. ભાવનગર જેવું સાધારણ સ્થિતિના અને મધ્યમ સ્થિતિના જૈનોની વસ્તીવાળું શહેર જૈન કોમમાં હાલ જે દરજ્જો ભોગવે છે તે પૂજ્યપાદ શ્રી વૃદ્ધિચંદજી અને મરહુમ મહાત્માના અનેક પ્રકારના સીધા અને આડકતરા ઉપકારને લઇનેજ છે એમ સામાન્ય અવલોકન કરનાર પણ કહી શકે છે. આવા મહાત્માનું ઋણ ભાવનગરના બંધુઓ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભૂલી ન જતા ભવિષ્યની પ્રજાપર આ મહાત્માની છાપ રહે તેવા આકારમાં તેઓ શ્રીના પવિત્ર નામને યોગ્ય યાદગીરી રાખવા જરૂર પગલાં ભરશે એવી આશા છે. [1] યાદગીરીના પ્રસંગોમાં વણિગ્ બુદ્ધિ રાખવી યોગ્ય નથી. હાલ જે પ્રબંધ થયોછે તે પૂજ્યશ્રીના ઉપકારને અનુરૂપ અથવા નામને યોગ્ય નથી એમ મારૂં માનવું છે. વિશિષ્ટ પ્રસંગો એ તો વિશિષ્ટ રૂપમાં યાદગીરી કરવી જોઇએ. એક સુંદર જ્ઞાનમંદિરની વચ્ચે મહાત્માનો (આરસનો) બસ્ટ મૂકી બાજુમાં ઉપકારનું વર્ણન થાય તો તે ભવિષ્યની પ્રજાને અને સાધુઓને બહુ રીતે લાભ કરનાર નીવડે. મરહુમ મહાત્માનું ઉચ્ચ જીવન તેઓની સદ્ગતિ બતાવે છે તેથી તેઓના આત્માને શાંતિ ઇચ્છવાના વ્યવહાર ઉપરાંત આપણે સર્વ તે આદર્શ જીવન જેવું જીવન ગાળવા યોગ્ય થઇએ એટલી ભાવના રાખવી.

# केटलीक आश्चर्यकारक टेवो.

ઘણા મનુષ્યોના સંબંધમાં સાંજના કાર્યની સમાપ્તિ વખતે થાક લાગી જતો હોય, આખા દિવસના કાર્યથી અતિશય શ્રમ ઉપજ્યો હોય તેવું દેખાય છે, આ માત્ર એક જાતની ટેવજ છે. ગમે તેવા કાર્ય પછી પણ મનમાં થાકને નહિ ગણનાર કોઈ દિવસ થાકતો નથી. માટે મનને કોઇ પણ કાર્યોથી શ્રમિત થઈ જવાની ટેવથી દૂર રાખવું તેજ ઉત્તમ છે. કોઇ પણ વખતે ગમે તેવા કાર્ય માટે મનને સદા તૈયારજ રાખવાની ટેવ પાડવી તે શ્રેયસ્કર છે.

* * * * * *

રૂતુના જરા ફેરફારથી શરીર તંદુરસ્તીમાં ફેરફાર થઇ જવો, માંદા પડી જવું તે પણ એક જાતની ટેવજ છે, અને તે બહુ હેરાન કરનારી ટેવ છે. રૂતુ અથવા અન્ય બાહ્ય કોઇ પણ પ્રસંગે મન ઉપર જરા પણ અસર ન થાય તેવી ટેવ પાડવી, મનને તેટલું બળવત્તર કરવું, અને તે પ્રયત્નથી તેવી શારિરીક પ્રકૃત્તિ દૂર થશે.

* * * * * *

૧–મર્હુમની યાદગીરી કાયમ રાખવા ભાવનગરના સંઘ તરફથી હીલચાલ ચાલેછે. તેમના અંત અવસ્થાને દિવસેજ તેમના નામથી "ગંભીર વિજયજી પુસ્તકાલય" સ્થાપવાની ભાવનગરના સંઘે શરૂઆત કરી છે. અને તેજ દીવસે તે ફંડમાં રૂ. ૩૦૦૦) ઉપરાંત ભરાઇ ગયા છે, અને હજુ તે ફંડ ચાલુ છે. પૂજ્ય મહાત્માના નામ સ્મરણાર્થે સ્થાપવામાં આવતા આ પુસ્તકાલયમાં જે કોઇ જૈન બંધુ ઉદારતાથી કોઇ પણ રકમ મોકલી આપશે, તે આભારસહિત સ્વીકારવામાં આવશે. વળી મર્હુમના નિમિત્તે 'પાવાપુરી' તીર્થની રચના સાથે અઠ્ઠાઇ મહોત્સવ પણ ભાવનગરમાં કરવામાં આવનાર છે. તંત્રી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાને ન પસંદ પડે તેવો ખોરાક મળે કે તરતજ ઉદાસીનતા દેખાવી, મનનું મુંઝાઇ જવું, તે પણ એક જાતની ટેવજ છે. તેવી ટેવ પાડવાથી જ્યારે જ્યારે અનિચ્છીત ખોરાક મળે છે ત્યારે ત્યારે મન અંદરથી તેની વિરૂદ્ધ પોકાર ઉઠાવે છે, તેથી જાણે કે તેવા ખોરાકથી શરીરમાં વ્યાધિ થઈ જતો હોય તેમ લાગે છે. આ કાંઈ ખોરાકથી ઉત્પન્ન થતો વ્યાધિ નથી, પણ તેવી ટેવને લીધે મનમાં તેને માટે ઉપજતા અણગમાથી ઉત્પન્ન થતો તે વ્યાધિ છે. તેથી આવી ટેવ દૂર કરવા તેવા ખોરાક પસંદ થાય તેવી રીતે મનને વાળવું. જ્યારે જ્યારે તે ખોરાક મળે ત્યારે ત્યારે સંતોષસહિત તેનો સ્વીકાર કરવો, અને તે તમને પચશેજ તેવા નિશ્ચયપૂર્વક તેનો ઉપયોગ કરવો અને તેથી ખોરાક ઉપરના કંટાળાવાળી ટેવ દૂર થશે.

* * * * * *

જ્યારે જ્યારે આપણી ઇચ્છાનુસાર કાર્ય થતાં ન લાગે ત્યારે ત્યારે ઉશ્કેરાઇ જવું, ખોટું લગાડવું, વિરૂદ્ધતા દર્શાવવી, તે પણ એક જાતની કુટેવજ છે, અને તેનાથી આનંદી સ્વભાવનો નાશ થાય છે. ગમે તે વખતે ગમે તેવું થાય તો પણ સંતોષ રાખવો, ધીરજ રાખવી અને સર્વ કાર્યોમાં પ્રીતિ ઉપજાવવાની વૃત્તિ રાખવાથી તે નકામી ટેવ દૂર થઇ શકે છે.

* * * * * *

સૂર્યોદય થયા પછી પણ ઘણા મોડા ઉઠવાની, સવારનો ઘણો ભાગ ઉંઘમાં કાઢવાની ઘણાને ટેવ હોય છે, પણ તેનાથી અભ્યાસ વિગેરેની વૃદ્ધિ થઇ શકતી નથી. સવારનો શાંત સમય જે ઉંઘમાં પસાર કરે છે તેનો આખો દીવસ લગભગ નકામો જાય છે. તે વખતમાં માનસિક સ્થિતિ જેવી બનાવવી હોય, અભ્યાસ જેવો કરવો હોય, તેવો થઇ શકે છે. અન્ય વખતમાં જે કાર્ય કરતાં ઘણો વખત લાગે છે તે સવારમાં બહુ થોડા વખતમાં થઇ શકે છે. આ ટેવ દૂર કરવાનો ઉપાય તેજ છે કે રાત્રે સૂતી વખતે હમેશા સવારે જે ટાઇમે ઉઠવું હોય તેનો નિર્ણય કરીને સૂવું. હમેશા તેવી રીતે નિર્ણય કરવાની ટેવથી મન એવું સ્થીર થઇ જશે કે તે નિર્ણીત વખતે સ્વાભાવિક રીતેજ ઉંઘ ઉડી જશે.

* * * * *

જે સંયોગોમાં પોતે ટેવાયલા ન હોય તે સંયોગો પ્રાપ્ત થતાં ઘણા મનુષ્યો ગભરાઇ જાય છે, મુંઝાઇ જાય છે, અને તેઓને કાંઈ ગમ પડતી નથી. નવા નવા સંયોગોને અનુકુળ થવાની મનને ટેવ નહિ પાડવાનું આ પરિણામ છે. ગમે તે પ્રસંગે ગમે તેવા સંયોગોમાં મુકાયા હોઇએ, તોપણ તેને અનુકુળ થવાની મનને ટેવ પાડવી. મનને તેટલું બળવાન બનાવવું કે સર્વ સંયોગોમાં તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આનંદજ લાગે. તેનાથી ગભરાઇ જવાનો સ્વભાવ નાશ પામશે, અને સર્વ સંયોગોમાં મનની સરખાઈ થવાથી સંતોષવૃત્તિની વૃદ્ધિ થશે.

* * * *

મનુષ્ય જીવન આવી આવી ઘણી જાતની વિચિત્ર--આશ્ચર્યકારક ટેવોથી ભરપૂર હોય છે. મનુષ્યના આખા દિવસની પ્રવૃત્તિના કાર્યોનો સરવાળો તપાસતાં તેમજ લાગશે કે તેમાંથી ઘણાખરા કાર્યો તેની ટેવોનાંજ પરિણામ રૂપે કરાયેલાં હોય છે. મનુષ્ય પોતાની તેવી ટેવો પ્રમાણે અનુસરવાને બંધાયેલો નથી. પોતાની તેવી ટેવો ઉપર કાબુ રાખવો, અને પોતાની ઈચ્છાનુસાર તેને પ્રવર્તાવવી તેજ ઉત્તમ છે. પણ તે ટેવો મનુષ્ય ઉપર સામ્રાજ્ય ભોગવે, તેને આધીન થઇને સાંસારિક પ્રવૃત્તિ કરવી પડે તે મનુષ્ય જીવનની નબળાઇ છે. ટેવોના ગુલામ થવાથી બહુ જાતના નુકશાન થાય છે; અને આગળ પ્રગતિ (Progress) થતી અટકે છે. તેવી ટેવો મનને બળવાન્ કરવાથી દૂર કરી શકાય છે. દરેક જાતની ટેવો મનના અંકુશમાં રાખવાથી ઓછી થઇ શકે છે. મન જો ટેવને આધીન રહે તો નુકશાન થાય છે, અને મનના સામ્રાજ્યમાં ટેવો--તેવી વૃત્તિઓને સોંપવામાં આવે તો ફાયદો થાય છે. આખા દિવસના પોતાના કાર્યનો સરવાળો તપાસી ટેવોને આધીન થઇને જે કાંઇ પ્રવૃત્તિઓ થતી હોય, અને જેનાથી એકંદર નુકશાનજ થાય તેમ લાગતું હોય, તેવી ટેવો દૂર કરવા મનને દ્રઢ બનાવવું, મનને જોરાવર કરવું, અને પોતાને તેવી ટેવો દૂર કરવીજ છે તેવો નિર્ણય રાખવો તે જરૂરનું છે. તેમ કરવાથી નકામી દુઃખોત્પાદક વિચિત્ર ટેવો દૂર થશે.

N. G. Kapadia.

---

જે કાર્ય ફરજ તરીકે આપણે કરવાના નથી તેમાં માથુ મારવા કદી પણ પ્રયત્ન કરવો નહિ. અમુક કાર્ય કરવાની શરૂઆત કરતાં પહેલાં તે કરવાનો આપણો ધર્મ છે કે કેમ તેનો વિચાર કરવો.

* * * * *

નકામાં વિચારમાં મનને જોડાવા દેવું નહિ. આ કહેવું સહેલું છે પરંતુ કરવાનું બહુ મુશ્કેલ છે. પરંતુ જ્યારે જ્યારે મન ભટકતું માલુમ પડે અથવા મનમાં દુષ્ટ વિચારો આવે ત્યારે ત્યારે તે તે વિચારોમાંથી મનને ખેંચી લઈ શુભ વિચારો તરફ ધીમે ધીમે તેને દોરવાની ટેવ પાડવી.

---

૧ From Eternal Progress.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## કપડવંજમાં એક જૈન બ્હેનનું ભાષણ.

અમને જણાવવામાં આવે છે કે આચાર્ય શ્રીમાન્ વિજયનેમિસૂરીશ્વરજી કપડવંજમાં પધાર્યા તે વખતે શેઠ મણીભાઈ સામળભાઈની દીકરી બ્હેન ચંપાએ એક સારૂં ભાષણ કરીને તેમને આવકાર આપ્યો હતો. ભાષણમાં મુનિ મહારાજની પધરામણીથી થતા લાભો દર્શાવવામાં આવ્યા હતા, તથા હાલમાં અપાતી પોપટીયા જ્ઞાનની કેળવણી કરતાં વધારે ઉપયોગી કેળવણી આપવાની સૂચના કરવામાં આવી હતી. વળી કપડવંજની પાઠશાળા માટે ત્યાંના આગેવાન ગૃહસ્થોને તે વધારે ઉપયોગી સંસ્થા નીવડે તેવી તેને બનાવવા આગ્રહ કર્યો હતો, અને સ્ત્રી કેળવણીની આવશ્યકતા દર્શાવી હતી, અને નવદીક્ષિત મુનિરાજ શ્રી ચંદ્રવિજયજી જેઓએ ઇંગ્લીશ સારો અભ્યાસ કર્યો છે અને જેઓ અન્ય દર્શની હોવા છતાં જૈન સાધુ થયા છે તેમના જ્ઞાનગર્ભિત વૈરાગ્યમાટે આનંદ દર્શાવ્યો હતો

## આઠમી કોન્ફરન્સ મુલતાનમાં.

આપણી મહાન્ કોન્ફરન્સ, જેનું છેલ્લું અધિવેશન ત્રણ વર્ષ પહેલાં પૂનામાં થયું હતું, અને જે ત્યારપછી કેટલાક પ્રતિકુળ સંયોગોને લીધે બીલકુલ થયું જ નહોતું, તેની બેઠક 'મુલતાન' મુકામે ઠરી છે. કોન્ફરન્સ માટે માહ શુ. ૧૩, ૧૪, ૧૫ તા. ૧૯, ૨૦, ૨૧, ફેબ્રુઆરીના દિવસો મુકરર કરવામાં આવ્યા છે. કોન્ફરન્સ માટે જરૂરની કમીટીઓ વિગેરે નિમાઈ ગઈ છે. રીસેપ્શન કમીટીના પ્રમુખ તરીકે **શેઠ બેલીરામ બલદેવદાસ,** તથા ચીફ સેક્રેટરી તરીકે **જવાહરલાલ જૈની,** અને પ્રમુખ તરીકે અમૃતસરવાળા એક ગૃહસ્થ નીમાણા છે. મુલતાનમાં તે તારીખે પ્રતિષ્ઠા મહોત્સવ પણ છે. આ કોન્ફરન્સ સંબંધી વિશેષ સમાચાર હવે પછીના અંકમાં પ્રગટ કરવામાં આવશે

## ભાવનગર પાંજરાપોળ લોટરી.

બીજા ડ્રોઈંગ માટે ધમધોકાર ટીકીટો ખપે છે. લગભગ અડધી ટીકીટો ખપી ગઈ છે. વૈશાક માસમાં બીજું ડ્રોઈંગ નીકળવાનું છે. સ્વાર્થ અને પરમાર્થ બને સચવાય તેવું આ કાર્ય છે, ઈચ્છા હોય તેણે તાકીદે ટીકીટો મંગાવી લેવી. ટીકીટ એકનો રૂ. ૧) બેસે છે. મોડું કરવાથી પછી ટીકીટો મળવાનો સંભવ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ગ્રાહકોને ખબર.

ભેટ તરીકે આપવાની બુક **ધનપાળ પંચાશિકા** તૈયાર થઇ ગઇ છે બીજી બુક **તત્વવાર્તા તથા લક્ષ્મી-સરસ્વતીનો સંવાદ,** જે બહુજ ઉપયોગી અને દરેક બંધુને ખાસ વાંચવા લાયક છે, તે છપાઇ ગઇ છે, અને બંધાર ને પંદર દીવસમાં તૈયાર થઇ જશે. જે ગ્રાહકોના લવાજમ આવી ગયા છે તેને તો મોકલી આપવામાં આવશે. જેના લવાજમ હજુ સુધી આવેલ નથી, તેને તે બન્ને બુકો વી. પી. થી મોકલવામાં આવશે. આવતો અંક બહાર પડ્યા પહેલા વી. પી. નું કાર્ય શરૂ કરવામાં આવશે. જે ગ્રાહકોનું લવાજમ આવ્યું નથી તેમને વિનંતિ કરવાની કે વી. પી. આવેથી તરત તેમણે સ્વીકારી લેવું. બાર બાર મહીના સુધી ગ્રાહક રહી વી. પી. આવે ન સ્વીકારવું તે અયોગ્ય છે, અને જ્ઞાનખાતામાં નાહકનું નુકશાન થાય છે, માટે વી. પી. સ્વીકારવા ગ્રાહકોને અગાઉથી ચેતવણી આપવામાં આવે છે.

---

### છપાઇને બહાર પડેલ છે.

## प्रमेयरत्नकोष.

શ્રી ચંદ્રપ્રભસૂરિનો રચેલો આ નાનો પણ ઘણો ઉપયોગી ન્યાયનો ગ્રંથ છે. ભાવનગરનિવાસી બંધુ ઝવેરભાઇ ભાઇચંદની આર્થિક સહાયથી અમારી તરફથી છપાવીને બહાર પાડવામાં આવ્યો છે. ન્યાયના અભ્યાસી મુનિ મહારાજને તેમજ પુસ્તક ભંડારો ખાતે ભેટ આપવાનો છે. બુકના આકારે છપાવી બંધાવેલ છે. અન્ય ગૃહસ્થ માટે કિંમત માત્ર ચાર આના રાખેલ છે. પોસ્ટેજ એક આનો લાગે છે. મંગાવવાના ઇચ્છકે પત્ર લખી મંગાવી લેવો.

---

### છપાઇને બહાર પડેલ છે.

## કર્મગ્રંથ ટીકા વિભાગ ૨ જો.

( પાંચમો છઠ્ઠો કર્મગ્રંથ ટીકાસાથે ને સંસ્કૃત ચાર કર્મગ્રંથ મૂળ. )

આ બીજો વિભાગ પણ શેઠ રતનજી વીરજી અને જીવણભાઇ જેચંદની આર્થિક સહાયથીજ બહાર પાડવામાં આવ્યો છે. અત્યંત ઉપયોગી છે. સંસ્કૃતના અભ્યાસી સાધુ સાધ્વીઓને તેમજ પુસ્તક ભંડાર ખાતે ભેટ આપવાનો છે. અન્ય ઇચ્છક માટે કિંમત માત્ર રૂ. ૨) જ રાખી છે. પોસ્ટેજ ચાર આના લાગે છે. ભેટ મંગાવવાના ઇચ્છક મુનિરાજ વિગેરેએ અમારી ઉપર લખવું.

For Private And Personal Use Only